સુવિચાર
જીવનમાં સાદાઈ-સંતોષ અને સંયમ હશે તો અવશ્ય શાંતિનો અનુભવ થશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૧/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com


જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિઓમ PENDAWALA
અડદીયા
મેથીલાડું
ગુંદરપાક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૦૪૦

પથરી - પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિ:શુલ્ક નિદાન કેમ્પ
તારીખ : 30-01-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
નોંધ: નામ નોંધાવવુ ફરજીયાત છે.


નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

### સેંકડો વિદ્યાર્થીઓ ગટરનાં ગંધાતા પાણીમાં ચાલવા મજબુર

# અમરેલીની લો-કોલેજ માર્ગ ઉપર ભયાનક ગંદકી

રાધિકા હોસ્પિટલ, આયુર્વેદિક કોલેજ, અંધશાળા સહિતની અનેક શૈક્ષણિક સંસ્થાઓ પણ નજીકમાં

પાલિકાનાં શાસકો સમક્ષ અવારનવાર રજૂઆત કર્યા બાદ પણ સમસ્યાનું કોઈ નિરાકરણ થતું નથી

સ્વચ્છતા અભિયાનની નાટકબાજી બંધ કરીને પાલિકાનાં શાસકો યુદ્ધનાં ધોરણે ગટરનાં ગંધાતા પાણી બંધ કરાવે

જો ગટરનાં ગંધાતા પાણીની સમસ્યાનું નિરાકરણ ન થાય તો માનવ અધિકાર આયોગમાં પણ ફરિયાદ કરાશે



અમરેલી, તા. ૨૮

અમરેલીનાં રાજમાર્ગસમા ચિતલરોડથી લો કોલેજ, મહિલા કોલેજ તરફ જતાં માર્ગ ઉપર છેલ્લા એક મહિનાથી ગટરનું ગંધાતું પાણી માર્ગ પર જમા થતું હોય સેંકડો વિદ્યાર્થીઓ ગંદકીમાંથી પસાર થવા મજબુર બની રહ્યા છે. શૈક્ષણિક સંસ્થાઓએ અવારનવાર રજૂઆત કરી છતાં પણ પાલિકાનાં આળશુ શાસકો સમસ્યાનું સમાધાન કરતા નથી.

અમરેલી શહેરમાં થોડા દિવસો પહેલા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ટોચનાં પદાધિકારીઓ અને અધિકારીઓએ ફોટો સેશન કરાવીને મીડિયા ધ્વારા વાહવાહી મેળવી લીધા બાદ શહેરમાં ફેલાયેલ ગંદકી સામે કયારેય નજર સુધ્ધા કરી નથી.

અમરેલીની રાધિકા હોસ્પિટલ, આયુર્વેદિક કોલેજ, લો કોલેજ, અંધશાળા, મહિલા કોલેજ, પ્રાદેશિક તાલીમ ભવન સહિતની સંસ્થાઓની નજીકમાં ઘણા દિવસોથી

અનુસંધાન પાના ૬ ઉપર

### નાયબ દંડક કૌશિક વેકરિયાની સુચનાથી

## અરે વાહ : અમરેલીથી રાજકોટ જતી તમામ એસ.ટી. બસને ત્રંબા ખાતે સ્ટોપ

વિદ્યાર્થીઓએ કરેલ માંગ સ્વીકારવામાં આવી





અમરેલી, તા. ૨૮

રાજકોટના ત્રંબા ગામ આજુબાજુમાં અનેક શિક્ષણ સંસ્થાઓ આવેલી છે તેમાં અમરેલી જિલ્લાનાં અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. ત્યારે અમરેલીથી રાજકોટ જતી મોટાભાગની એકસપ્રેસ બસોનો ત્રંબા સ્ટોપ આપવામાં આવેલ નથી. જેથી ત્રંબા ગામે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ના છુટકે રાજકોટ સુધી જવુ પડે છે અને રાજકોટથી પાછુ ૧૫ કી.મી.નું અંતર કાપી ત્રંબા પરત આવવું પડે છે તેથી વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીઓ દ્વારા રાજકોટની ટીકીટ લીધી હોવા છતાં પણ એસ.ટી. બસના ડ્રાઈવર-કંડકટર દ્વારા વિદ્યાર્થીઓને ત્રંબા ઉતારી દેવાતા નથી.

આ બાબતે વિદ્યાર્થીઆ દ્વારા રાજકોટ જતી તમામ એસ.ટી. બસને ત્રંબા ખાતે સ્ટોપ આપવાની માંગ ઉઠતા આ અંગે અમરેલીના ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી એસ.ટી. ડિવિઝનના નિયામકને ઘટતું કરવા સુચના આપેલ હતી.

જેના અનુસંધાને અમરેલી

અનુસંધાન પાના ૬ ઉપર

### છેલ્લા ૮ વર્ષથી બિનકાયદેસર રીતે માત્ર વેરો ઉઘરાવવામાં આવે છે

## અમરેલીનાં અયોધ્યા એપાર્ટમેન્ટનાં રહેવાસીઓને સફાઈ અને સ્ટ્રીટલાઈટની સુવિધા આપવામાં આવતી નથી

જાગૃત્ત નાગરિકે પાલિકાનાં ચીફ ઓફિસરને રીફંડ આપવા માંગ કરી

અમરેલી, તા. ૨૮

અમરેલીનાં બાયપાસ માર્ગ ઉપર આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટનાં રહેવાસી ગૌરાંગ રાજયગુરૂએ પાલિકાનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, વેરાનાં નામે અમરેલી શહેર ખાતે આવેલી તમામ મિલ્કતો પાસેથી રકમ વસુલ કરવામાં આવે છે અને આ વેરાની માંગણા રસીદમાં અલગ અલગ પ્રકારના વેરાની રકમ દર્શાવેલી હોય છે. અયોધ્યા એપાર્ટમેન્ટમાં તમામ મિલ્કતો પાસેથી સને-૨૦૧૭થી અલગ અલગ પ્રકારનો વેરો વસુલ કરવામાં આવે છે પરંતુ છેલ્લા ૨૭ માસથી જોઈએ છીએ કે આ એપાર્ટમેન્ટ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી એટલે કે સને ૨૦૧૭થી આજ અરજી કર્યા તારીખ સુધી કચેરી ધ્વારા એકવાર પણ એપાર્ટમેન્ટની બહાર બાજુ કે આસપાસ કયારેય પણ સફાઈ કરેલ નથી કે કરાવેલ નથી. તેમજ કચેરી ધ્વારા એપાર્ટમેન્ટમાં કયારેય સ્ટ્રીટલાઈટ નખાવેલ નથી કે હાલ પણ એપાર્ટમેન્ટમાં કહેવાતી સ્ટ્રીટલાઈટ હૈયાત નથી. તેમ છતાં કચેરી પોતાની મનસુફી મુજબ મિલ્કત ધારકો પાસેથી સફાઈ વેરો અને સ્ટ્રીટલાઈટના નામે પૈસા ઉઘરાવવામાં આવે છે. જેથી એપાર્ટમેન્ટ અસ્તિત્વમાં આવ્યા સમયથી આજદીન સુધી કચેરી ધ્વારા જે જે મિલ્કત ધારકો પાસેથી સફાઈ વેરો અને સ્ટ્રીટલાઈટના નામે પૈસા ઉઘરાવવામાં આવેલ છે તે બે પ્રકારની સેવા કચેરીએ આજદીન સુધી કયારેય આપેલ નથી. જેથી તમામ મિલ્કતધારકોને તા. ૩૧/૧/૨૫ને શનિવારે સવારે ૧૧:૩૦ કલાક સુધીમાં યોગ્ય હુકમ કરી સફાઈ વેરો અને સ્ટ્રીટલાઈટના નામે પૈસા ઉઘરાવવામાં આવેલ રકમ તાત્કાલીક રીફંડ/પરત આપવા ઘટીત કાર્યવાહી કરશો અને જો આમ કરવામાં કસુર કરશો તો તા. ૩૧/૧/૨૫ને શનિવારે સવારે ૧૧:૩૧ કલાકથી કચેરીમાં અર્ધનગ્ન હાલતમાં અન્ન-જળનો ત્યાગ કરીને આંદોલન કરીશ તેમ અંતમાં જણાવેલ છે.

### ગીરકાંઠામાં માલધારીઓ અને ખેડૂતો ભયભીત બન્યા

## લીલીયામોટાનાં ઈંગોરાળા ખાતે માલઢોર ચરાવતાં સગીર ઉપર સિંહે કર્યો હુમલો

ઈજાગ્રસ્ત સગીરને સારવારમાં ખસેડાયો

અમરેલી, તા. ૨૮

લીલીયા તાલુકામાં વન્યપ્રાણીઓના વસવાટ હોય છાશવારે આ વન્ય પ્રાણીઓ માલઢોર તથા



માનવીઓ ઉપર હુમલાઓ કરી અને જાનમાલનું નુકસાન કરે છે. ત્રણ ચાર દિવસ પહેલાં પણ આ જ પંથકમાં દીપડાએ હુમલો કરી અનેક ઘેટાં બકરાનો શિકાર કર્યો હતો. ત્યાં

અનુસંધાન પાના ૬ ઉપર

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

### અમરેલી-ચલાલા માર્ગ ઉપર આવેલ

## દેવરાજીયા ગામનાં પાદરમાં અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા અજાણ્યા યુવકનું મોત થયું

સ્થાનિક પોલીસે બનાવ અંગે તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૮

અમરેલી તાલુકાનાં દેવરાજીયા ગામનાં પાદરમાં અમરેલી તરફના રોડ ઉપર ગત તા. ૨૬નાં રાત્રે ૧૧ વાગ્યા આજુબાજુ એક સફેદ રંગની ફોર વ્હીલનાં ચાલકે પોતાના હવાલાવાળુ વાહન પુરપાટ ઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવી કોઈ આશરે ૪૦ થી ૪૫ વર્ષની ઉંમર વાળા વ્યકિતને હડફેટે લઈ તેની સાથે ફોર વ્હીલ અથડાવી ગંભીર એકિસડન્ટ કરી માથામાં તેમજ શરીરે ગંભીર ઈજાઓ કરી મૃત્યુ નિપજાવી પોતાના હવાલાવાળુ વાહન લઈ નાસી ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં વાંકીયા ગામના જગદીશભાઈ બાબુભાઈ કાપડીયાએ નોંધાવેલ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
71,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૮/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### શાળાની પૂર્વ વિદ્યાર્થી દયાબેન કરકરનાં વરદ્ હસ્તે ધ્વજવંદન કરાયું

# બાબરા ખાતે વી.એલ. ગેલાણી વિદ્યા સંકુલમાં ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી

### શાળાના પ્રમુખ કાલુભાઈ ગેલાણી સહિત શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮


બાબરામાંવી.એલ.ગેલાણી વિદ્યાસંકુલમાં૭૬ માંપ્રજાસત્તાકદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી અહીં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની કરકર દયાબેન ના વરદ હસ્તક પ્રવજવંદન કરવામાં આવ્યું હતું. તિરંગાને સલામી આપવામાંઆવીહતી.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વહેલી સવારે છ વાગે દેશભકિતના નારાના ઉચ્ચાર સાથે પ્રભાત ફેરી કાઢવામાંઆવીહતીજેનાથીનાગરિકોમાં દેશભક્તિ પ્રત્યે જાગૃતિ આવે તેમજ શાળાએસાંસ્કૃતિકકાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાંભાગલીધેલતમામબાળકોને પ્રોત્સાહન સ્વરૂપે શાળાના પ્રમુખ કાળુભાઈ ગેલાણી તરફથી ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં દેશભક્તિ ભાતીગળ ગરબા તેમજ પિરામિડ જેવી કૃતિઓ નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યા ઈલબેન મારકણા, સુપરવાઈઝર દયાબેનકરકર તેમજ કેમ્પસ ડાયરેકટર, દિનેશભાઈ કુબાવતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

### ટેકનિકલ કાઉન્સેલર પોસ્ટ માટે

# અમરેલીની સાયન્સ એન્ડ આર્ટસ કોલેજનાં બીસીએ વિભાગમાં જોબ પ્લેસમેન્ટ યોજાયુ

### કેમ્પસ ડાયરેકટર પેથાણીએ માર્ગદર્શન કરેલ



અમરેલી, તા. ૨૮

અમરેલીજિલ્લાવિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ, ખાતે છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા બીસીએ ના વિદ્યાર્થીઓને કોલેજ પછી પોતાનું કેરીઅર બનાવવા અને રોજગારીઅર્થે ટેકનિકલ કાઉન્સેલર પોસ્ટ માટે જોબ પ્લેસમેન્ટયોજાયેલહતું. જેમાં ટીવાય. બી.એ. ના વિદ્યાર્થીભાઈબહેનોએઈન્ટરવ્યૂઆપેલ હતા અને પ્રથમ વખત ઈન્ટરવ્યૂ નો અનુભવ કરેલો હતો. વિદ્યાર્થીઓમાંઆ અનુભવથીભવિષ્યમાંપોતેપગભરથાય અને ભારતની નામાંકિત કંપનીઓમાં પોતાનું કેરીઅર બનાવી માતાપિતા ને ગેરવઆપીશકેતેહેતુથીઆઆયોજનનું સફળ સંચાલન બીસીએ વિભાગના અધ્યક્ષ વિપુલભાઈ બાલધાઅનેસેલ્ફ ફાઈનાન્સ વિભાગના કો– ઓર્ડીનેટર અભિષેકભાઈ જોશીદ્વારાથયેલઅનેઆ તકેઅમરેલી જિલ્લા વિદ્યાસભા ટ્રસ્ટ ના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને મંત્રી મનસુખભાઈ ધાનાણીઅનેચતુરભાઈ ખૂંટ દ્વારા શુભેચ્છા આપવામાં આવેલ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએસંપૂર્ણમાર્ગદર્શનકરેલહતું.

### સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત

# લાઠી ખાતે તાલુકા ભાજપ દ્વારા પ્રબુધ્ધ નાગરિકોનું ગોષ્ઠિ સંમેલન યોજાયુ

### એડવોકેટ વિપુલ દુધાત દ્વારા માર્ગદર્શન અપાયુ



અમરેલી, તા. ૨૮

સંવિધાનના ૭૫ વર્ષની ગેરવશાળીયાત્રાનેવધાવવા 'સંવિધાન ગેરવ અભિયાન' અંતર્ગત આજે લાઠીતાલુકા ભાજપ દ્વારા આયોજિત પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠિ સંમેલનમા કાર્યકર્તાઓનેસંવિધાનનામૂલ્યોઅંગે માર્ગદર્શન વિપુલભાઈ દુધાત દ્વારા માર્ગદર્શન આપવા માં આવ્યું આ કાર્યક્રમ માંવિશેષ ઉપસ્થિત જીતુભાઈ ડેર, લાઠી તાલુકા ભાજપ પ્રમુખ પરેશભાઈ કનાળા, રાજુભાઈ ભૂતેયા, રાકેશભાઈ સોરઠીયા, શીવાભાઈ ગોહિલ, મુનાભાઈ મારૂ, પરેશભાઈ સરવિયા, વાલજીભાઈ મેવાડા, હર્ષદભાઈ ડેર દિનેશ ભાઈ મારૂ, ધર્મેશ ભાઈ પરમાર, ભુરાભાઈ કાકડિયા હિરેનભાઈ વીરડીયા તેમજ મોટીસંખ્યામાં કાર્યકર્તાહાજર રહિયા હતા. સ્વાગત પ્રવચન પરેશ ભાઈ કનાળા એ કરેલ તેમજ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન લાઠી તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ સાવલિયા એ કરેલ.

### સુરાપુરાદાદા શ્રી વિહા આપા મંદિર ખાતે

# વાસુરભાઈ ડેર પરિવાર દ્વારા ચિતલ નજીક આવેલ શ્રી પીઠડ આઈ માતાજીનાં પ્રાગટય દિવસ નિમિત્તે માતાજીનો નવલખો માંડવો યોજાશે

### રવિવારે સવારે ૮.૩૦ કલાકે સ્થંભ વધાવવાનુ મુર્હુત

અમરેલી, તા. ૨૮

અમરેલીના ચિતલ નજીક આવેલ સુરાપુરાદાદા શ્રી વિહા આપા મંદિરખાતે માં ભગવતીશ્રીપીઠડઆઈ માતાજી તથા સુરાપુરાદાદા શ્રી વિહા આપાનાંસાંનિધ્યમાંવાસુરભાઈડેરરહે. રાજકોટ (મુળ વતન લાઠી) દ્વારા આગામી રવિવારે માતાજીનો નવલખો માંડવોયોજાશે.

સવારે ૭.૩૦ કલાકે સામૈયું, ૮.૩૦ કલાકે સ્થંભ વધાવાશે, ૯.૩૦ કલાકે સ્થંભ રોપણ, ૧૦.૧૫ કલાકે મંડપ મુર્હુત બપોરે ૧૧ કલાકે મહાપ્રસાદ અને સોમવારે સવારે ૭ કલાકે સ્થંભ ઉથાપન દરમિયાનમાં રવિરે ૯ થી બપોરના ૨ સુધી મહા રકતદાન કેમ્પ યોજાશે.

આ કાર્યક્રમમાં સંતો–મહંતો અને સામાજિક અગેવાનો પણ ઉપસ્થિતરહેશે. આયોજકવાસુરભાઈ નાજભાઈડેર ભાવિકજનોનેલાભલેવા અનરોધ કર્યો.

# દેભૂમિ દેવળીયા ગામ પંચાયતનું અંદાજપત્ર સર્વાનમતે મંજૂર



અમરેલી, તા. ૨૮

દેવભૂમિ દેવળીયા ગામ પંચાયત દ્વારા વર્ષ ૨૦૨૫/૨૬નું અંદાજ પત્રક (બજેટ) એક કરોડ ચોર્યાસી લાખ પાંત્રીસહજારનું બજેટ કોઈ પણપ્રકારના વેરા વધારા વગર સરપંચ ભાવનાબેન નાથાલાલસુખડીયાનાઅધ્યક્ષસ્થાનેમળેલી સભ્ય સચિવ સોનલબેન વ્યાસ અને સભ્યોની બેઠકમાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું. જેમાં ગત વર્ષો ૨૦૨૩/૨૪ રૂા. ૪૩,૭૬,૩૭૫/ વર્ષ ૨૦૨૪/૨૫ રૂા. ૧,૩૨,૭૬,૫૦૦ ના સામે વર્ષ ૨૦૨૫/૨૬ રૂા. ૧,૮૪,૩૫૦૦૦મંજુર કરવામાંઆવ્યું છે. જેમાં વિકાસ કાર્ય માટે રૂા. ૧.૪૩.૨૫૦૦૦, સામાજિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રૂા. ૧.૭૫ લાખ, આરોગ્ય સફાઈ માટેરૂા. ૩.૯૫લાખ, ખેતીવાડીરૂા. ૪.૫૦લાખજેમાંલીફટઈરીગેશનયોજના હેઠળ ૧ લાખ, પ્રોજેકટ માટે તેમજ સ્ટ્રીટ લાઈટસેવામાટેરૂા.૨.૨૫લાખ, જળસિંચન માટે રૂા. ૨ લાખ, તાર ટપાલ રૂા. ૨.૯૦, નોકર માટે ૩.૬૦ લાખ રૂપિયા. આમ દેવભૂમિદેવળીયા ગામ પંચાયતદ્વારા રૂા. ૧,૮૪,૩૫૦૦૦નું બજેટ મંજૂર કરી ગામના તમામ નાગરિકોને ઉત્તમ સુવિધા ઉપલબ્ધ કરવામાં અગ્રેસર બજેટ મંજૂર કરવામાંઆવ્યુંછે.

# સાવરકુંડલા : મહિલા આર્ટ્સ કોલેજ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૮

નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજના પ્રાંગણમાં 'પ્રજાસત્તાક દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી, કાર્યક્રમનાં પ્રારંભે કોલેજના આચાર્ય ડી.એલ. ચાવડાએ સૌને પ્રજાસત્તાક દિવસની શુભકામનાઓ પાઠવી, બાદમાં કોલેજના સિનિયર પાધ્યાપક શ્રીમતી છાયાબેન શાહના વરદ્ હસ્તે ધ્વજ ફરકાવવામાંઆવ્યો. રાષ્ટ્રગીતદ્વારારાષ્ટ્રને સન્માન આપી સલામી આપવામાં આવી, છાયાબેન શાહે અતિથિ વિશેષ પદેથી આજના યુગમાં યુવાન ભાઈઓ બહેનોની ભૂમિકાએવીહોવીજોઈએકેજેથીઆઝાદી સમયે અસંખ્ય લોકોએ આપેલ બલિદાન ચરિતાર્થ થાય અને એમના સપનાનાં ભારતનું નિર્માણ થાય, સંવિધાન અનેસંસ્કૃતિની જાળવણી થાય એ વિશે પ્રસંગિક ઉદબોધન કર્યુ, આ કાર્યક્રમમાં શારીરિક શિક્ષણના ભૂતપૂર્વક પ્રાધ્યાપક ડો.આર કે.કુરેશીએ, મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ તથા સમગ્ર સ્ટાફ હાજર રહેલ, કાર્યક્રમનું સંચાલન કુ.ચૌહાણ આશિયાએ કરેલ હતું. કાર્યક્રમનું સંયોજન એન.એસ.એસ. વિભાગે કર્યુ તથા આભાર દર્શનપ્રા.ડો.પ્રતિમાબેનશુકલએ કરેલહતું.

### રેગ્યુલર ચીફ ઓફિસરની બદલી બાદ પ્રાંત અધિકારીને અને હવે

# અમરેલી નગરપાલિકાનાં ચીફ ઓફિસરની જવાબદારી જિલ્લા પુરવઠા અધિકારીને સોંપાઈ

### A ગ્રેડની પાલિકામાં ચીફ ઓફિસરની કાયમી નિમણૂંક જરૂરી

અમરેલી, તા. ૨૮, અમરેલી પાલિકાનાં ચીફ ઓફિસરની જવાબદારી જિલ્લા પુરવઠાઅધિકારીનેસોંપવામાંઆવીછે.

અમરેલી પાલિકાનાં રેગ્યુલર ચીફ ઓફિસરની થોડા દિવસો પહેલા અન્યત્ર બદલી થતાં પ્રાંત અધિકારીને ચાર્જ સોંપાયા બાદ આજે જિલ્લા પુરવઠા અધિકારીને જવાબદારીસોંપવામાંઆવીછે.

### ગૌરવશાળી વિદ્યાર્થીનીઓ દ્વારા ધ્વજવંદન સાથે

# બાબરા ખાતે પંચશિલ વિદ્યાલયમાં ર૬મી જાન્યુઆરીની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

### ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર સહિતનાં ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરામાં પંચશીલ વિધાલય માં ૭૬માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી શાળા પરિવાર દ્વારા કરવામાં આવી હતી અહીં શાળાની પરંપરાપ્રમાણેધોરણદસઅનેબાર માં તાલુકામાં પ્રથમ આવનાર ધોરણ ગૌરવશાળી વિદ્યાર્થીનીઓ દ્વારા ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપવામાંઆવીહતી.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રંગારગસાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા શાળાના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેટર, અરવિંદભાઈ ધોળકિયા, મહેશભાઈ કોરાટ, ભરતભાઈ માજન સહિતના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનેપ્રોત્સાહિત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના કેમ્પસ ડાયરેકટર સંજયભાઈ પરમારના નેતૃત્વમાંશાળા સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

### ૩૧ જાન્યુઆરીનાં રોજ આદેશ આશ્રમ હીરાણા ખાતે

# સુપ્રસિધ્ધ સાહિત્યકાર માયાભાઈ આહીરનાં પુત્ર ચિ. જયરાજ શુક્રવારે લગ્નગ્રંથીથી જોડાશે

### આજે બુધવારે ભોજન સમારંભ, રાસ–ગરબા સહિતનાં કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૨૮

સમગ્ર દેશ–વિદેશમાં સુપ્રસિધ્ધથયેલમાયાભાઈ આહીરનાં પુત્ર ચિ.જયવીર ૩૧ જાન્યુઆરીને શુક્રવારે મુળ લાઠી અને જામનગર નિવાસી ગિરીશભાઈ ડેરની સુપુત્ર ચિ.નંદની સાથે ૩૧ જાન્યુઆરીને શુક્રવારે લાઠીનાં હીરાણા ગામે આવેલ આદેશ આશ્રમ ખાતે લગ્નગ્રંથીથી જોડાશે.

આવતીકાલ બુધવારે સાંજે ૭ કલાકે ભોજન સમારંભ, રાત્રિનાં ૯ કલાકે રાસગરબા સહિતનાં કાર્યક્રમો તળાજાના બોરડા ખાતે યોજાશે. આ લગ્ન સમારોહને પુ. મોરારિબાપુએ આશીર્વાદ પાઠવેલ છે. આ લગ્ન સમારોહમાં રાજકીય, સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

# ચમારડી ખાતે ભામાશા ગોપાલ વસ્તરપરાનાં સહયોગથી નવી પોલીસ ચોકીનું નિર્માણ થયું



ચમારડી બસ સ્ટેશન ખાતે પોલીસ ચોકીનું ઉદ્ઘાટન કરતાં બાબરા પી.આઈ.જી.આર.વસૈયા, પરેશરાઠોડ

ચમારડી, અમરેલીજિલ્લાએસ.પી.સંજય ખરાતનામાર્ગદર્શનહેઠળબાબરાતાલુકાના ચમારડીગામનાબસસ્ટેશનખાતેનવીબનેલ પોલીસચોકીનુંઉદ્ઘાટનબાબરાપી.આઈ. જી.આર.વસૈયાનાવરદહસ્તેકરવામાંઆવ્યું હતું. ચમારડી ગામના વતન પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાના સહયોગથી નવીન બનેલ પોલીસ ચોકીનું લોકાર્પણ બાબરાપી.આઈ.જી.આર.વસૈયાનાવરદ હસ્તે લોકાર્પણ કરતા ગ્રામજનોએ હર્ષની લાગણીઅનુભવીહતી. આપ્રસંગેબાબરા પી.આઈ. જી. આર. વસૈયા તથા ચમારડી બીટના ઇન્ચાર્જ એ.એસ.આઈ. યોગેશભાઈ ડેર, પ્રકાશભાઈ ગરૈયા, ભરતભાઈ ડી.સ્ટાફરામદેવસિંહસરવૈયા, રજીતભાઈ શેખ, તેમજ અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, સરદાર પ્રેમી ગોપાલ ચમારડી, સ્થાનિક આગેવાન જીવનભાઈ પીઢડિયા સહિત ચમારડીગામનાનગરજનોખૂબજમોટી સંખ્યામાંઉપસ્થિતરહ્યાંહતાં.

## ગામનાં બસ સ્ટેન્ડમાં દેશની ૧૧ વિરલ વિભૂતિની પ્રતિમાને ફૂલહાર કરીને

# ચમારડી ખાતે ૭૬માં પ્રજાસત્તાક પર્વની દેશભકિતનાં રંગે ઉજવણી

**ગામની દીકરી શોભાબેન મકવાણાનાં વરદ્‌હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું**

**કાર્યક્રમનાં અધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ બસિયાનું ભામાશા ગોપાલ વસ્તરપરા દ્વારા સન્માન**

**પ્રાથમિક શાળા અને જનતા વિદ્યાલયનાં બાળકો દ્વારા અવનવી કૃતિઓ રજૂ કરવામાં આવી**

**રાજકીય, સામાજિક આગેવાનો તેમજ ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**



બાબરા, તા. ૨૮

ભારત દેશમાં આન, બાન, શાન સાથે ૨૬મી જાન્યુઆરી એટલે ગણતંત્ર દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. ત્યારે બાબરા તાલુકાના ચમારડી ગામે ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉત્સાભેર ઉજવણી અંતર્ગત ગામની દિકરી શોભાબેન મકવાણાનાં વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અધ્યક્ષપદે જિલ્લા મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાનું સન્માન સરદાર પ્રેમી ગોપાલ વસ્તરપરા ચમારડી દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૬મી જાન્યુઆરીના દિવસે દેશના વીરોનાં બલિદાન, તપસ્યા અને બલિદાનનં લીધે આજે આપણે આ દિવસને યાદ કરતા ચમારડી ગામનું આગણું ગણાતું સુંદર રીતે તૈયાર કરેલ. ચમારડી બસ સ્ટેશન ખાતે ૧૧ જેટલા વિરલ વિભૂતિ સ્ટેચ્યુઓને વતન પ્રેમી અને સરદાર પ્રેમી તરીકે ઓળખાતા ગોપાલ ચમારડીના વરદ હસ્તે ફુલહાર અર્પણ કર્યા હતા. ત્યાર બાદ ચમારડી પ્રાથમિક શાળા અને કન્યાશાળા જનતા વિદ્યાલયના બાળકો દ્વારા કૃતિઓ રજૂ કરવામાં આવેલ. સમસ્ત ચમારડી ગામ અને સરદાર પ્રેમી ગોપાલ વસ્તરપરા ચમારડી દ્વારા આ ગણતંત્ર પર્વ નિમિત્તે એક હજારથી વધુ લોકોની ઉપસ્થિત વચ્ચે ચમારડીમાં દેશ ભકિત માહોલ સર્જાયો હતો. જેમાં આજુ બાજુના ગામમાં રાજકીય નેતાઓ અને સામાજિક કાર્યકરો અને પદાધિકારીઓ સહિત તમામ શાળાના સ્ટાફગણ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં તે બદલ સરદાર પ્રેમી ગોપાલ ચમારડી દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## જી.એસ.આર.ટી.સી. બસપોર્ટ ખાતે અમરેલીમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી અન્વયે બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૮

જી.એસ.આર.ટી.સી અમરેલી બસપોર્ટ ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૫ અન્વયે બેઠક યોજાઈ હતી. બેઠકમાં માર્ગસલામતી મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વાહન રસ્તાની જેમ બને તેમ ડાબી બાજુ સફેદ પટ્ટાની અંદર પાર્ક કરવું, પાર્કિંગ લાઈટનો ઉપયોગ કરવો, ગાડી બંધ પડ્યેથી ૫૦ મીટર પહેલા અને પછી હેઝાર્ડસ ટ્રાફિક વોર્નિંગ ટ્રાઈએંગલનો ઉપયોગ કરવો, ગાડીની પાછળ લાલ પીળા રંગના ઝીબ્રા પટ્ટા રેડિયમ, રિફ્લેકટર લગાવવા, સાઈડ ઈન્ડિકેટરનો ઉપયોગ કરી પછી જ લેન બદલવી વગેરે સૂચનો આપવામાં આવ્યા હતા.

'સલામત સવારી એસ.ટી. અમારી'નું સૂત્ર ખરેખર સાર્થક થાય તેમજ વર્ષ ૨૦૩૦ સુધીમાં અકસ્માતમાં થતાં મૃત્યુ ટકાવારી ઓછી થાય તે લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે માર્ગ સલામતી નિયમ પાલન પર ભાર આપવા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. ડ્રાઈવર્સ માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું.

બેઠકમાં જી.એસ.આર.ટી સી ડિવિઝનલ કંટ્રોલર સોલંકી, અમરેલી સીટી પી.આઈ. અમરેલી આર.ટી.ઓ ઈન્સ્પેકટર શાહ, જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ ગોહિલ, મેડિકલ ઓફિસર સહિતના અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.


### ગરબા, ડમ્મરડાક, મહાઆરતી અને મહાપ્રસાદ યોજાશે

## અમરેલીનાં ગીરીયા ખોડિયાર મંદિરે આગામી બુધવારે શ્રી ખોડિયાર જયંતી મહોત્સવ

**૫ ફેબ્રુઆરીને બુધવારે ભકતોને લાભ લેવા અનુરોધ**

અમરેલી, તા.૨૮

અમરેલીનાં ચિતલ રોડ ઉપર આવેલ ગીરીયા ખોડિયાર મંદિર ખાતે આગામી ૫ ફેબ્રુઆરીને બુધવારનાં રોજ શ્રી ખોડિયાર જયંતિ મહોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરાશે. ભાવિકજનો લાભ લેવા મહંતરી ભારથી બાપુએ અનુરોધ કરેલ છે.



બપોરે ૩ કલાકે ગરબા તથા ડમ્મરડાક, સાંજે ૬ કલાકે મહાપ્રસાદ અને સાંજે ૭ કલાકે મહાઆરતી યોજાશે. માઁ ભકતોને માઁ ના જન્મોત્સવ તથા હીંડોળાનાં દર્શનનો લાભ લેવા અનુરોધ કરાયો છે.


કોળી શકિત યુવક મંડળ અમરેલી આયોજીત ૪૦ મા સમુહલગ્ન આગામી તા.૦૨-૦૩-૨૦૨૫

આ લગ્નોત્સવમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ વહેલી તકે સંપર્ક કરવો લગ્ન ફી કન્યા પક્ષ રૂા.૧૨૫૦૦/- તેમજ વર પક્ષ રૂા.૧૨૫૦૦/- દરેકને કન્યાઓને વિના મૂલ્યે કરીયાવરની ૮૦ વસ્તુઓ મળશે.

સરકારી યોજના સમુહલગ્ન સાતફેરા તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે. તો રજીસ્ટ્રેશન માટે...

સંપર્ક : પ્રમુખશ્રી રમેશભાઈ એસ.ગોહિલ
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, ફુટ માર્કેટ, દુ.નં.બી/એફ-૧૩, પહેલો માળ, અમરેલી
મો.નં. ૯૩૭૪૭ ૩૪૮૨૦



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















ન ભુતો.. ન ભવિષ્યતી.. આપના સપનાનું ઘર વસાવવાની સુવર્ણ તક..



શ્રીજી નગર - ૧

સ્થળ : લાઠી રોડ, ધરમનગર પાછળ, શિવમ્ રેસીડેન્સીની બાજુમાં, અમરેલી

■ દરેક બાથરૂમમાં નળ તેમજ સાવર ■ દરેક રૂમ તેમજ હોલમાં પી.ઓ.પી. લાઇટ તેમજ તમામ પ્રકારનું લાઇટીંગ
■ ૩ બેડ રૂમ, હોલ, કિચન વાળુ મકાન ■ મજબુત બાંધકામ
■ સ્ટાન્ડર્ડ ક્વોલીટીનાં ઓઇલ પેન્ટ ■ ગટર કનેકશન
■ સ્વતંત્ર પાણી દાર તેમજ નગરપાલિકા દ્વારા પાણી સુવિધા ■ ગેસ પાઇપલાઇન
■ મોટી વિશાળ કાર પાર્કિંગ સુવિધા ■ ૫ મીટર પહોળાઇ તેમજ ૧૬ મીટર ઉંડાઇ
■ આગળ ૩૦ મીટર પહોળા પાકા સીમેન્ટ રોડ ■ ગેઇટ વાળી સોસાયટી
■ ગરમ પાણીનું સોલાર સાથે ■ સંપુર્ણ હવા ઉજાસ સાથે... તો આજે જ જોવા પધારો...

: સંપર્ક :
અપ્પુભાઇ : ૭૦૧૯૮ ૫૩૭૪૦
જયમલભાઇ : ૯૯૦૪૦ ૬૧૫૯૬
વિમલભાઇ : ૯૮૨૪૯ ૯૩૨૭૭

### આસ્થાનું પ્રતીક મહાકુંભ મેળાનો ૧૬મો દિવસ

# મહાકુંભમાં લાખો ભક્તોનો ધસારો, ૨૦ km સુધી ચક્કાજામ, બેરિકેડિંગ તૂટી : ઇમરજન્સી બેઠક બોલાવાઈ

**અમાસના શાહી સ્નાન પહેલાં જ લાખોની સંખ્યામાં ઉમટી પડેલી ભીડમાં અવ્યવસ્થા અને અરાજકતા ન સર્જાય તે હેતુ સાથે કમિશ્નરે તમામ વિભાગોના અધિકારીઓની ઇમરજન્સી બેઠક બોલાવી**

પ્રયાગરાજ,તા.૨૮

ભારતની આસ્થાનું પ્રતીક મહાકુંભ મેળાનો આજે ૧૬મો દિવસ છે. આવતીકાલે અમાસ નિમિત્તે ત્રીજું શાહી સ્નાન યોજાશે, જેમાં ભાગ લેવા લાખો શ્રદ્ધાળુ ઉમટી પડ્યા છે. સંગમથી ૨૦ કિમી સુધી ચક્કાજામ થયો છે. રસ્તાઓ, ગલીઓ માનવ મહેરામણથી ઉભરાઈ છે. શ્રદ્ધાળુઓ પોલીસ દ્વારા ઊભા કરવામાં આવેલા બેરિકેડિંગ તોડી પ્રવેશી રહ્યા છે.

શ્રદ્ધાળુઓની ભારે ભીડના કારણે લોકો પાર્કિંગ તથા છેક સ્ટેશનથી સંગમ સુધી પગપાળા આવવા મજબૂર બન્યા છે. પોલીસે ભીડને કાબૂમાં લેવા વિવિધ સ્થળોએ બેરિકેડ ઊભા કર્યા હતા. જો કે, ભીડ તેને તોડીને પ્રવેશ લઈ રહી છે. સંગમથી ૨૦ કિમી સુધીનો રસ્તો જામ થઈ ગયો છે. અમાસના શાહી સ્નાન પહેલાં જ લાખોની સંખ્યામાં ઉમટી પડેલી ભીડમાં અવ્યવસ્થા અને અરાજકતા ન સર્જાય તે હેતુ સાથે કમિશ્નરે તમામ વિભાગોના અધિકારીઓની ઈમરજન્સી બેઠક બોલાવી હતી. ડીએમ, સીઆરપીએફ, આઈટીબીપી, પોલીસ, રેલવે પોલીસ વગેરે વિભાગોના અધિકારીઓને ચુસ્ત બંદોબસ્ત કરવા આદેશ અપાયો છે. મેળામાં સુરક્ષા કર્મીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેમેરા મારફત દેખરેખ રાખી રહ્યા છે. તેમજ શ્રદ્ધાળુઓને કાર મારફત પ્રયાગરાજ ન આવવા અપીલ થઈ છે. લોકોને પગપાળા શાહી સ્નાનમાં ભાગ લેવા અપીલ કરવામાં આવી છે. જેથી અવ્યવસ્થા ન સર્જાય. મહાકુંભના મેળામાં ૪૫ કરોડથી વધુ શ્રદ્ધાળુ આવવાનો અંદાજ છે.

મૌની અમાસના શાહી સ્નાન કારણે ઉમટી પડેલી ભીડને ધ્યાનમાં રાખતાં અલ્હાબાદ હાઈકોર્ટે ૨૮થી ૩૦ જાન્યુઆરી સુધી રજા જાહેર કરી છે. રજિસ્ટ્રાર જનરલ રાજીવ ભારતીના નોટિફિકેશન અનુસાર, આ રજા માત્ર પ્રયાગરાજ સ્થિત હાઈકોર્ટ માટે જ છે. તેના સ્થાને તે ૧૭ મે, અને ૨૩ ઑગસ્ટના રોજ ચાલુ રહેશે. કેટની પ્રયાગરાજ સ્થિત ઑફિસ પણ ૨૮થી ૩૦ જાન્યુઆરી સુધી બંધ રહેશે. તેના સ્થાને તે ૫, ૨૬ એપ્રિલ અને ૩ મેના રોજ કામ કરશે

### રાજકીય પક્ષોની આવક ગત નાણાકીય વર્ષમાં અનેકગણી વધી

# ચૂંટણી ફંડમાં ભાજપ ટોચ પર, કોંગ્રેસની આવકમાં ૧૭૦ ટકાનો ઉછાળો

**ચૂંટણી પંચ સમક્ષ બંને પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ઓડિટ રિપોર્ટમાંથી આ અંગે માહિતી મેળવવામાં આવી છે**

નવીદિલ્હી,તા.૨૮

દેશના ટોચના રાજકીય પક્ષોની આવક ગત નાણાકીય વર્ષમાં અનેકગણી વધી છે. સત્તાધારી પક્ષ ભાજપની કમાણી ૮૩ ટકા તો કોંગ્રેસની કમાણી ૧૭૦ ટકા વધી છે.

ગતવર્ષે લોકસભા ચૂંટણીના પગલે રાજકીય પક્ષોની આવક વધી હોવાનુ અનુમાન છે. જેમાં ભાજપની કમાણીમાં મોટો હિસ્સો ઈલેક્ટોરલ બોન્ડનો રહ્યો છે. ચૂંટણી પંચ સમક્ષ બંને પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા ઓડિટ રિપોર્ટમાંથી આ અંગે માહિતી મેળવવામાં આવી છે.નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભાજપની કમાણી ૮૩ ટકા વધી રૂ. ૪૩૪૦.૫ કરોડ થઈ છે. જે ભાજપની અત્યારસુધીની સૌથી વધુ આવક છે. જેમાં સૌથી વધુ યોગદાન ઈલેક્ટોરલ બોન્ડનો રહ્યો છે. ઈલેક્ટોરલ બોન્ડ મારફત ભાજપે રૂ. ૧૬૮૫.૬ કરોડ એકત્રિત કર્યા હતાં. ૨૦૨૨-૨૩માં ભાજપે ૨૩૬૦.૮ કરોડની કમાણી કરી હતી. બીજી તરફ ગતવર્ષે લોકસભા સહિત વિવિધ ચૂંટણીઓ પાછળ ભાજપે ૨૨૧૧.૭ કરોડનો ખર્ચ કર્યો હતો. જે ૨૦૨૨-૨૩માં જાહેર કરેલા ૧૩૬૧.૭ કરોડ ખર્ચ સામે ૬૨ ટકા વધુ છે.

લોકસભા ચૂંટણી તેમજ વિવિધ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પગલે ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ કોંગ્રેસ માટે પણ કમાણી કરવામાં શુકનવંતુ રહ્યું હતું. કોંગ્રેસની આવક ૨૦૨૨-૨૩માં રૂ. ૪૫૨.૪ કરોડ સામે ૨૦૨૩-૨૪માં ૧૭૦ ટકા વધી રૂ. ૧૨૨૫ કરોડ થઈ છે. ઈલેક્ટોરલ બોન્ડ મારફત થતી આવક પણ ૩૮૪ ટકા વધી હતી. ૨૦૨૩-૨૪માં ઈલેક્ટોરલ બોન્ડ મારફત રૂ. ૮૨૮.૪ કરોડની આવક મેળવી હતી. જે અગાઉના વર્ષે રૂ. ૧૭૧ કરોડ હતી. ઉલ્લેખનીય છે, કોંગ્રેસની આવકમાં વૃદ્ધિની સાથે તેનો ખર્ચ પણ ૧૨૦ ટકા વધ્યો હતો. કોંગ્રેસે ૨૦૨૩-૨૪માં રૂ. ૧૦૨૫.૨ કરોડનો ખર્ચ કર્યો હતો. જ્યારે ૨૦૨૨-૨૩માં રૂ. ૪૬૭.૧ કરોડ ખર્ચ્યા હતાં. ઓડિટ રિપોર્ટમાં ૨૦૨૩-૨૪ દરમિયાન ભાજપે જાહેરાતો અને પ્રચાર પાછળ રૂ. ૧૧૯૫ કરોડ, યાત્રા પાછળ રૂ. ૧૯૬.૮ કરોડ, ઉમેદવારોને નાણાકીય સહાય પેટે રૂ. ૧૯૧ કરોડ ખર્ચ કર્યા છે. બેલેન્સશીટ મુજબ ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી ભાજપ પાસે રૂ. ૧૦૯.૨ કરોડ રોકડા, રૂ. ૧૬૨૭.૨ કરોડનું બેક્ક બેલેન્સ, અને રૂ. ૫૩૭૭.૩ કરોડની બેક્ક એફડી જમા છે. કોંગ્રેસે ૨૦૨૩-૨૪ દરમિયાન ચૂંટણી પૂર્વે હાથ ધરેલા સર્વે પાછળ રૂ. ૪.૯ કરોડ ખર્ચ કર્યા હતા. ૧૪ જાન્યુઆરીથી ૧૬ માર્ચ, ૨૦૨૪ દરમિયાન રાહુલ ગાંધીએ ભારત જોડો ન્યાય યાત્રા પાછળ રૂ. ૪૯.૬ કરોડ ખર્ચ કર્યા હતા. આમ કોંગ્રેસે ૨૦૨૩-૨૪માં કુલ ૧૦૨૫.૨ કરોડનો ખર્ચ કર્યો હતો.

### ૨૫૦૦ વર્ષ જૂનો સોનાનો મુગટ ચોરાઈ ગયો

# નેધરલેન્ડના મ્યુઝિયમમાં ‘ધૂમ-૨’ સ્ટાઈલમાં ચોરી

**મ્યુઝિયમમાં ૬૦૦થી વધુ સોના-ચાંદીના ઘરેણા રાખવામાં આવ્યા હતા**

નેધરલેન્ડ,તા.૨૮

નેધરલેન્ડના એસેન શહેરમાં સ્થિત ઐતિહાસિક ડ્રેન્ટ્સ મ્યુઝિયમમાં થયેલી ચોરીની ઘટના બિલકુલ બોલિવૂડ ફિલ્મ ‘ધૂમ-૨’ની વાર્તા જેવી લાગે છે. ચોરોએ વિસ્ફોટનો ઉપયોગ કરીને મ્યુઝિયમમાં પ્રવેશવાનો રસ્તો બનાવ્યો અને શનિવારે સવારે ચોરીને અંજામ આપ્યો.

ચોરી દરમિયાન સેંકડો વર્ષ જૂની કિંમતી ચીજવસ્તુઓ ગુમ થઈ ગઈ હતી. તે સમયે આ મ્યુઝિયમમાં ‘ડેસિયા – એમ્પાયર ઓફ ગોલ્ડ એન્ડ સિલ્વર’ નામનું એક પ્રદર્શન ચાલી રહ્યું હતું, જે પ્રાચીન કલાકૃતિઓના પ્રદર્શન માટે પ્રખ્યાત હતું. આ પ્રદર્શન તેના છેલ્લા સપ્તાહમાં હતું.

એસેનના ડ્રેન્ટ્સ મ્યુઝિયમમાં સોના અને ચાંદીથી બનેલા રોમાનિયન જ્વેલરીના ચાલી રહેલા પ્રદર્શનમાં ચોરીની એક મોટી ઘટના પ્રકાશમાં આવી છે. ચોરો કોટોફેનેશિયન સમયગાળાના ત્રણ ડેસિયન સોનાના બંગડી અને ભવ્ય રીતે શણગારેલી હેલ્મેટ લઈ ગયા હતા. આ અમૂલ્ય હેલ્મેટ અંદાજે ૨૫૦૦ વર્ષ જૂનું છે અને તે પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ હતું. ડ્રેન્ટ્સ મ્યુઝિયમના ડિરેક્ટર હેરી તુપને આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે આપણા ૧૭૦ વર્ષના ઈતિહાસમાં આ સૌથી મોટી ઘટના છે. ચોરીની આ ઘટના બાદ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી છે. એક શંકાસ્પદ વાહનની તપાસ કરવામાં આવી રહી છે અને પોલીસ વિસ્ફોટ અને નજીકના લોકો પાસેથી ઘટના સંબંધિત માહિતી એકઠી કરી રહી છે. આ એક્ઝિબિશનમાં રોમાનિયાના ૧૫થી વધુ મ્યુઝિયમમાંથી લાવેલા ૬૦૦થી વધુ સોના-ચાંદીના ઘરેણાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. રોમાનિયાના સંસ્કૃતિ મંત્રાલયે ચોરાયેલી વસ્તુઓને પુનઃપ્રાપ્ત કરવા માટે દરેક સંભવિત પગલાં લેવાનું વચન આપ્યું છે, જે બુકારેસ્ટમાં ડચ મ્યુઝિયમને લોન આપવામાં આવી હતી. વધુમાં, એક રોમાનિયન પ્રતિનિધિમંડળ રવિવારે સ્થળની મુલાકાત લેશે.પોલીસે ખુલાસો કર્યો કે શનિવારે સવારે ૪:૧૫ વાગ્યે ગ્રોલરસ્ટ્રેટ અને મારવિજકસૂર્ડના આંતરછેદ પર કારમાં આગ લાગવાની જાણ થઈ હતી. ઘટનાસ્થળે બળી ગયેલી કારની નજીક કોઈ વ્યક્તિ મળી આવી ન હતી.એવું માનવામાં આવે છે કે કારમાં સવાર લોકો અન્ય વાહનમાં ભાગી ગયા હોઈ શકે છે અને આ ડ્રેન્ટ્સ મ્યુઝિયમની ચોરી સાથે સંબંધિત હોઈ શકે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસ અને ઈન્ટરપોલની ટીમો મળીને આ ચોરીનો ભેદ ઉકેલી રહી છે.

### સુપ્રીમ કોર્ટે આપી ‘કસ્ટોડિયલ પેરોલ’

# દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈનને ચૂંટણી પ્રચારની પરવાનગી મળી

**બે દિવસમાં અંદાજે ૨ લાખ રૂપિયા જમા કરાવવાના રહેશે આ રકમ તેમની સાથે તૈનાત સ્ટાફ અને જેલ વાન પર વાપરવામાં આવશે**

નવીદિલ્હી,તા.૨૮

સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીના પૂર્વ કાઉન્સિલર અને દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈનને કસ્ટડી પેરોલ આપી દીધી છે. તેમને દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે પેરોલ આપવામાં આવ્યો છે.

કોર્ટે તાહિર હુસૈનને જેલના નિયમો અનુસાર દિવસમાં ૧૨ કલાક માટે કસ્ટડી પેરોલ આપ્યો છે. આ કસ્ટડી પેરોલ ૨૯ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધી આપવામાં આવી છે. તેને ઘરે જવા દેવામાં આવ્યો નથી.તાહિર હુસૈને તેની કસ્ટડી પેરોલનો ખર્ચ પોતે ઉઠાવવો પડશે. તેઓએ બે દિવસમાં અંદાજે ૨ લાખ રૂપિયા જમા કરાવવાના રહેશે. આ રકમ તેમની સાથે તૈનાત સ્ટાફ અને જેલ વાન પર વાપરવામાં આવશે. તેમને પાર્ટી ઓફિસમાં જવાની અને તેમના મતવિસ્તારમાં મીટિંગમાં હાજરી આપવાની મંજૂરી આપવામાં આવશે પરંતુ તેઓ ઘરે જઈ શકશે નહીં. ઉપરાંત, તે કોર્ટમાં પેન્ડિંગ કેસ અંગે કોઈ નિવેદન આપશે નહીં.તમને જણાવી દઈએ કે અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદ-ઉલ મુસ્લિમીન (ઈંઈંસ્) એ તાહિર હુસૈનને દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મુસ્તફાબાદ સીટથી પોતાનો ઉમેદવાર બનાવ્યો છે. તમને જણાવી દઈએ કે ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ઉત્તર-પૂર્વ દિલ્હીમાં સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી, જેમાં ૫૩ લોકો માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા.તાહિર હુસૈન દિલ્હી રમખાણો દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યુરોના કર્મચારી અંકિત શર્માની હત્યા સાથે જોડાયેલા કેસમાં આરોપી છે. રવિન્દર કુમારે ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ દયાલપુર પોલીસ સ્ટેશનમાં તેમના પુત્ર અંકિત શર્માના ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. અંકિતનો મૃતદેહ રમખાણગ્રસ્ત વિસ્તારમાં ખજુરી ખાસ નાળામાંથી મળી આવ્યો હતો. પોસ્ટમોર્ટમમાં તેના શરીર પર ઈજાના ૫૧ નિશાન જોવા મળ્યા હતા.

### ભાજપ નેતાએ કર્યો પ્રશ્ન

# સોનિયા ગાંધીએ પોતે કુંભમાં સ્નાન કર્યું ત્યારે ખડગેને ગરીબીની યાદ નહોતી આવી?

**૨૦૦૧માં સોનિયા ગાંધીએ શું કહ્યું હતું. કુંભ દરમિયાન ગાંધીજીએ પોતે પવિત્ર સ્નાન કર્યું હતું**

નવી દિલ્હી,તા.૨૮

કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મહાકુંભને લઈને નિવેદન આપ્યું હતું. તેણે પૂછ્યું હતું કે ડૂબકી લગાવવાથી ગરીબી દૂર થશે કે કોઈનું પેટ ભરાશે? હવે આસામના સીએમ હિમંતા બિસ્વા શર્માએ પોતાના ટ્વીટ દ્વારા મલ્લિકાર્જુન ખડગે પર નિશાન સાધ્યું છે.

તેમણે કહ્યું, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનું મહાકુંભ પરનું નિવેદન અભૂતપૂર્વ છે અને તે સનાતન ધર્મ સામે ઊંડી ચિંતાજનક માનસિકતાને પ્રતિબિંબિત કરે છે. હું માનું છું કે આ રાહુલ ગાંધીની આગેવાનીવાળી કોંગ્રેસ પાર્ટીનું સત્તાવાર વલણ છે. પરંતુ હું તેમને પૂછવા માંગુ છું કે ૨૦૦૧માં સોનિયા ગાંધીએ શું કહ્યું હતું. કુંભ દરમિયાન ગાંધીજીએ પોતે પવિત્ર સ્નાન કર્યું હતું.

તેણે લખ્યું, ‘શું તે કહેવાની હિંમત કરશે કે હજ પર જવાથી ભૂખમરો અને ગરીબી જેવી સમસ્યાઓ હલ નહીં થાય? કોંગ્રેસ સાથે જોડાયેલા તમામ હિંદુ નેતાઓએ આ અંગે વિચારવાનો અને પોતાનું વલણ નક્કી કરવાનો સમય આવી ગયો છે. તેમણે આગળ લખ્યું, ‘કોંગ્રેસ સાથે જોડાયેલા તમામ હિંદુ નેતાઓ માટે આ અંગે વિચાર કરવાનો અને પોતાનું વલણ નક્કી કરવાનો સમય આવી ગયો છે. માત્ર સત્તા અને પદ ખાતર તમારી આસ્થા, તમારા ધર્મ કે આ દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા સાથે સમાધાન ન કરો. કોઈ નેતા, કોઈ વિચારધારા અને કોઈ પક્ષને કોઈના ધર્મ અને આસ્થાથી ઉપર ન મૂકવો જોઈએ. સનાતન ધર્મ સદીઓથી સમયની કસોટી પર ઊભો રહ્યો છે, રાજકીય સ્વાર્થ માટે તેના સારને નબળો પાડશો નહીં. તમારા અંતરાત્માને તમારા માર્ગદર્શક બનવા દો.

એક જાહેર સભાને સંબોધતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, શું ગંગામાં ડૂબકી લગાવવાથી તમારા પેટને ખોરાક મળે છે? હું કોઈની શ્રદ્ધાને દોષ આપવા માંગતો નથી. જો કોઈને દુઃખ થયું હોય તો માફ કરશો. જ્યારે બાળકો ભૂખે મરી રહ્યા છે, બાળકો શાળાએ નથી જતા, મજૂરોને મજૂરી નથી મળતી ત્યારે આ લોકો હજારો રૂપિયા ખર્ચીને હરીફાઈમાં કૂદી પડે છે. ટીવી પર કંઈક સારું ન આવે ત્યાં સુધી આ લોકો ડૂબકી મારતા રહે છે.

### વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર માટે હવે સાત દિવસ બાકી છે

# CM યોગીની આજે ૩ રેલી, અમિત શાહ કરશે રોડ શો

**કેજરીવાલની આજે ઉત્તર પૂર્વ દિલ્હીના ઘોંડા અને કરવલ નગર વિધાનસભા ક્ષેત્રોમાં ચૂંટણી રેલીઓ યોજાવાની છે**

નવીદિલ્હી,તા.૨૮

કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીની વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર માટે હવે સાત દિવસ બાકી છે. આ છેલ્લા સાત દિવસોમાં સત્તાધારી આમ આદમી પાર્ટીથી લઈને વિપક્ષ ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ સુધી દરેક પાર્ટીએ પ્રચાર માટે પોતાની તમામ તાકાત લગાવી દીધી છે. મતદાન પહેલા પ્રચાર માટે બાકી રહેલા આ છેલ્લા દિવસોમાં મોટા નેતાઓ અને મોટા સ્ટાર્સ પ્રચારની જંગમાં ઉતરી રહ્યા છે. દિલ્હીમાં આજે એટલે કે ૨૮મી જાન્યુઆરીએ આમ આદમી પાર્ટી, વિપક્ષ ભાજપ અને કોંગ્રેસના હેવીવેઈટ નેતાઓની રેલી યોજાવાની છે. મુખ્યમંત્રી પદના ઉમેદવાર અરવિંદ કેજરીવાલે સત્તાધારી આમ આદમી પાર્ટી વતી ચૂંટણી પ્રચારની જવાબદારી સંભાળી છે. કેજરીવાલની આજે ઉત્તર પૂર્વ દિલ્હીના ઘોંડા અને કરવલ નગર વિધાનસભા ક્ષેત્રોમાં ચૂંટણી રેલીઓ યોજાવાની છે. આમ આદમી પાર્ટી માટે મેરેથોન રેલીઓ કરી રહેલા કેજરીવાલની ઘોંડા રેલી એટલા માટે પણ મહત્વની માનવામાં આવી રહી છે કારણ કે ભાજપે આ સીટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી રેલી નક્કી કરી છે. PM મોદી ૨૯ જાન્યુઆરીએ ઘોંડામાં જનસભાને સંબોધશે.એક સમયે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય રહી ચૂકેલા કપિલ મિશ્રા કરવલ નગર વિધાનસભા બેઠક પરથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન શીખ પ્રભુત્વ ધરાવતી વિધાનસભા બેઠકો પર પ્રચાર કરતા જોવા મળશે. પંજાબના સીએમ માન પૂર્વ દિલ્હી લોકસભા મતવિસ્તારમાં આવતી વિશ્વાસ નગર, ગાંધીનગર અને જંગપુરા બેઠકો પર રેલીઓ કરવા જઈ રહ્યા છે. દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા આમ આદમી પાર્ટીની ટિકિટ પર જંગપુરાથી ચૂંટણી લડી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન ઉપરાંત રાજ્યસભા સાંસદ સંજય સિંહ અને ક્રિકેટર હરભજન સિંહ પણ આમ આદમી પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર કરશે.દિલ્હીના પ્રચાર યુદ્ધમાં ભાજપનો વિશાળ રેલીનો કાર્યક્રમ છે. ૨૮ જાન્યુઆરીએ દિલ્હીમાં ભાજપની લગભગ ૪૦ ચૂંટણી રેલીઓનો કાર્યક્રમ છે અને પાર્ટી વતી ગૃહમંત્રી અમિત શાહ તેમજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ મેદાનમાં રહેશે. અમિત શાહ દક્ષિણ દિલ્હીમાં ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરતા જોવા મળશે.ગૃહમંત્રી શાહનો રોડ શો કસ્તુરબા નગરમાં પ્રસ્તાવિત છે અને તેઓ બદરપુર વિધાનસભા ક્ષેત્રના કાલકાજીમાં ચૂંટણી રેલીને પણ સંબોધિત કરશે. પૂર્વ સાંસદ રમેશ બિધુરી કાલકાજી બેઠક પરથી ભાજપની ટિકિટ પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને દિલ્હીના મુખ્યમંત્રી આતિશી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અલકા લાંબા સામે સ્પર્ધામાં છે.તે જ સમયે, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ત્રણ જાહેર સભાનો પણ પ્રસ્તાવ છે. બીજેપી દ્વારા જાહેર કરાયેલી રેલીઓના કાર્યક્રમ અનુસાર સીએમ યોગી મંગોલપુરી, વિકાસપુરી અને રાજેન્દ્ર નગરમાં જનસભાને સંબોધિત કરશે. ગૃહમંત્રી અમિત શાહ અને યુપીના સીએમ યોગીની સાથે હરિયાણા સહિત અન્ય રાજ્યોના અગ્રણી ચહેરાઓ પણ ભાજપની તરફેણમાં મતદાન કરવાની અપીલ કરતા જોવા મળશે. કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર, હરિયાણાના મુખ્યમંત્રી નયાબ સિંહ સૈની, પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની સહિત વિવિધ નેતાઓની ૪૦ થી વધુ રેલીઓ આજે યોજાવાની છે.કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ આજથી દિલ્હીના દંગલમાં પ્રવેશવાના છે. રાહુલ ગાંધીએ પટપરગંજ અને ઓખલા વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી રેલીઓને સંબોધવાના છે. કોંગ્રેસે રાહુલ ગાંધી માટે ત્રણ દિવસમાં ત્રણ રેલીનું આયોજન કર્યું હતું પરંતુ તેઓ આમાંથી એકપણ જાહેરસભાને સંબોધવા આવ્યા ન હતા. જો કે, રાહુલ ગાંધીએ આ પહેલા સીલમપુરમાં રેલીને સંબોધિત કરી હતી પરંતુ તે પછી તેમની તબિયત ખરાબ હોવાને કારણે કેટલાક કાર્યક્રમો મોકૂફ રાખવા પડ્યા હતા.ઓખલા વિધાનસભાને મુસ્લિમ પ્રભુત્વવાળી માનવામાં આવે છે, તેથી રાહુલની આ રેલી ઘણી રીતે મહત્વપૂર્ણ રહેશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સચિન પાયલટ આઉટર દિલ્હીના બદલી વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસના વર્તમાન પ્રદેશ અધ્યક્ષ દેવેન્દ્ર યાદવ માટે પ્રચાર કરશે. હરિયાણાના સાંસદ દીપેન્દ્ર હુડ્ડા પણ અલગ-અલગ ઉમેદવારો માટે પ્રચાર કરશે.

# ગુજરાતમાં મગફળીની ટેકાના ભાવે અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી

**નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી આગામી તા. ૮ ફેબ્રુઆરી સુધીમાં ખરીદી પૂર્ણ કરાશે**

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતમાં હાલ ટેકાના ભાવે મગફળીની અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરવામાં આવી હોવાનું રાજ્ય સરકારે જાહેર કર્યું છે. ગુજરાત સરકારના જણાવ્યા અનુસાર, ગુજરાતભરમાં અત્યારે મગફળી અને સોયાબીન સહિતના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી પૂરવેગે ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરાયા હતા. ટેકાના ભાવ બજાર ભાવથી વધુ હોવાથી ગુજરાતના ખેડૂતોએ મગફળી સહિતના ખરીફ પાકોનું પુષ્કળ વાવેતર અને ટેકાના ભાવે વેચાણ કર્યું છે. પરિણામે આ ખરીફ સીઝન દરમિયાન ગુજરાતમાં સરકાર દ્વારા મગફળીની અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરવામાં આવી છે.કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે મગફળી પાકનું કુલ ૧૮.૮૦ લાખથી વધુ હેકટરમાં રેકોર્ડબ્રેક વાવેતર થયું હતું, જે ગત વર્ષની સરખામણીએ ૨.૫ લાખ હેક્ટર વધુ હતું. ગુજરાતના ખેડૂતોને તેમના મબલખ ઉત્પાદિત પાકોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા ખાતેથી રાજ્યભરમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો.ભારત સરકાર દ્વારા મગફળી માટે રૂ. ૬,૭૮૩ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૩૫૬.૬૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતા. જેથી મગફળી પાકના વેચાણ માટે રાજ્યના ૩.૭૨ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ૧૯૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ૨.૯૮ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૬,૭૦૦ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧૦ લાખ મેટ્રિક ટન જેટલી મગફળીની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી આશરે ૨.૩૨ લાખ ખેડૂતોને રૂ. ૫,૧૭૨ કરોડથી વધુનું ચૂકવણું પણ સીધું તેમના બેંક ખાતામાં કરી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં પ્રથમવાર ખેડૂતોને ખરીદીના તુરંત બાદ આટલી ઝડપથી ચૂકવણું કરવામાં આવી રહ્યું છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે સોયાબીન માટે રૂ. ૪,૮૯૨ પ્રતિ ક્વિન્ટલ (રૂ.૯૭૮.૪૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કર્યો છે. જેના પરિણામે ટેકાના ભાવે સોયાબીનના વેચાણ માટે રાજ્યના કુલ ૨૪,૮૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. અત્યાર સુધીમાં કુલ ૮૮ ખરીદ કેન્દ્રો પરથી આશરે ૨૦,૫૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૨૫૨ કરોડથી વધુના મૂલ્યની કુલ ૫૧,૪૦૦ મેટ્રિક ટનથી વધુ સોયાબીનની ખરીદી કરવામાં આવી છે. જે પૈકી આશરે ૧૭,૦૦૦ જેટલા ખેડૂતોને રૂ. ૨૧૦ કરોડથી વધુનું ચૂકવણું પણ કરી દેવામાં આવ્યું છે.રાજ્યના અનેક તાલુકાઓમાં નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી ખરીફ પાકોની ખરીદી પૂર્ણ થઈ છે. જ્યારે, બાકીના ખરીદ કેન્દ્રો ખાતે નોંધાયેલા ખેડૂતો પાસેથી ખરીફ પાકોની ખરીદી પૂરવેગે ચાલી રહી છે. બાકીના તમામ ખેડૂતો પાસેથી આગામી તા. ૮ ફેબ્રુઆરી સુધીમાં ખરીદી પૂર્ણ કરવામાં આવશે, તેવી મંત્રીએ ખાતરી આપી હતી.

### એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ને મોટી સફળતા મળી છે

# ED એ ડિજિટલ અરેસ્ટના ૨ માસ્ટરમાઇન્ડની કરી ધરપકડ

**બીજા એક વ્યક્તિને દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી હતી કારણ કે તે દેશ છોડીને ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો**

નવીદિલ્હી,તા.૨૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ને મોટી સફળતા મળી છે. ડિજિટલ અરેસ્ટના માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી છે. ચેન્નાઈમાં એક વરિષ્ઠ મહિલા પાસેથી ૩૩ લાખ રૂપિયાની છેતરપિંડી સાથે સંકળાયેલા ડિજિટલ છેતરપિંડીના કૌભાંડના સંબંધમાં ED એ બે વ્યક્તિઓની ધરપકડ કરી છે.

એજન્સીએ સોમવારે આ માહિતી આપી. એક શંકાસ્પદ વ્યક્તિને કોલકાતામાં પકડવામાં આવ્યો હતો, જ્યારે બીજા એક વ્યક્તિને દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી હતી કારણ કે તે દેશ છોડીને ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો.બંને ધરપકડ વૃદ્ધ મહિલા દ્વારા ચેન્નાઈ પોલીસમાં નોંધાવવામાં આવેલી FRI હેઠળ કરવામાં આવી હતી. મહિલાએ આરોપ લગાવ્યો છે કે છેતરપિંડી કરનારાઓએ તેની સાથે ૩૩ લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે. એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘ધરપકડ કરાયેલા બંને શંકાસ્પદોએ ખચ્ચર ખાતાઓનું સંચાલન કરવામાં, ગેરકાયદેસર રોકડને ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરવામાં અને તેને વિદેશમાં ટ્રાન્સફર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.’’

EDના ચેન્નાઈ ઝોનલ ઓફિસે તેની ચાલુ તપાસ બાદ આરોપીની ધરપકડ કરી હતી જેમાં છેતરપિંડી ભંડોળનો ઉપયોગ કરવા માટે ઉપયોગમાં લેવાતા સ્તરીય ખચ્ચર બેંક ખાતાઓના નેટવર્કનો પર્દાફાશ થયો હતો. તપાસના ભાગ રૂપે ED એ પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૩૦ થી વધુ સ્થળોએ વ્યાપક દરોડા પાડ્યા હતા. આ તપાસ દરમિયાન, ઘણા મોબાઈલ ફોન, લેપટોપ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા જેમાં પૂરતા પુરાવા હતા.EDએ જણાવ્યું હતું કે BTC અને USDT ના રૂપમાં ક્રિપ્ટોકરન્સી પણ મળી આવી હતી અને જપ્ત કરવામાં આવી હતી. તપાસમાં એક અત્યાધુનિક સિસ્ટમનો ખુલાસો થયો જેમાં ખચ્ચર ખાતાઓમાંથી ઉપાડવામાં આવેલી રોકડ ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરવામાં આવતી હતી અને વિદેશ સ્થિત શંકાસ્પદ સંસ્થાઓમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. એજન્સીએ જણાવ્યું હતું કે વિવિધ ડિજિટલ છેતરપિંડી યોજનાઓમાંથી મળેલા મોટા પ્રમાણમાં નાણાં આ પદ્ધતિ દ્વારા મોકલવામાં આવ્યા હતા. વધુમાં, ED એ જણાવ્યું હતું કે આરોપીઓએ ફિનટેક સેવાઓ પૂરી પાડતી કંપનીઓના બેંક ખાતાઓમાં રોકડ જમા કરવા માટે કેશ ડિપોઝિટ મશીનો નો દુરુપયોગ કર્યો હતો. ‘‘આ ભંડોળ પછી વ્યક્તિગત ખાતામાં મોકલવામાં આવતું હતું, જેના કારણે આરોપીઓને ક્રિપ્ટોકરન્સી પ્રાપ્ત થતી હતી,’’ EDએ જણાવ્યું હતું. આ ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ વિદેશી ફોન નંબરોનો ઉપયોગ કરીને સાથીદારોની મદદથી ગુનાની રકમ છુપાવવા અને વિદેશમાં ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવતો હતો.

ED એ ઘણી ફિનટેક કંપનીઓની મોટી ભૂલો પણ શોધી કાઢી હતી જે Know Your Customer (KYC) ના ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ રહી હતી અને બોગસ સંસ્થાઓ અને વ્યક્તિઓ પાસેથી રોકડ થાપણો સ્વીકારી હતી.

‘‘આ રોકડ થાપણો જે સેંકડો કરોડ રૂપિયામાં છે તે ડિજિટલ ગુનાઓમાંથી ઉત્પન્ન થયેલા દૂષિત નાણાં હોવાની શંકા છે. આ ફિનટેક કંપનીઓ, તેમના વિતરકો, રિટેલરો અને સંબંધિત બેંક ખાતાઓની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે.

### જીવનનગર વિકાસ સમિતિએ આન-બાન-શાનથી પર્વની કરી ઉજવણી

# ભારત દેશનું બંધારણ વ્યવહારૂ, સમતોલ અને દીર્ઘકાલીન અસરકારક : વિજ્ઞાન જાથા

## રાષ્ટ્રીય એકતા રેલીએ રાજમાર્ગો ઉપર લોકોનું ધ્યાન ખેંચ્યું



રાજકોટ, તા. ૨૮

ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ અને મહિલા મંડળના સંયુકત ઉપક્રમે ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી આન-બાન-શાનથી ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વમાં ભારતનું બંધારણ સૌથી દળદાર, ઊંડાણભર્યુ અને વિસ્તૃત છે. વ્યવહારૂ સમતોલ સાથે દિર્ઘકાલીન અસરકારક સાબિત થયાનું તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રાષ્ટ્રીય એકતા રેલીએ રાજમાર્ગો ઉપર જબરૂ આકર્ષણ ઉભું કર્યુ હતું.

ધ્વજવંદજ શહેર ભાજપના મંત્રી હરેશભાઈ કાનાણી અને વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રસંગે રહીશોને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. ધ્વજવંદન સમારોહ અને ઈનામ વિતરણમાં શહેર ભા.જ.પના મંત્રી હરેશભાઈ કાનાણી, વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, રત્નદિપસિંહ જાડેજા, મનીષભાઈ ડેડકીયા, પિયુષભાઈ રાજપરા, શ્યામભાઈ કટ્ટા, દર્શિત જોષી, પાર્થ ગોહેલ, વિનોદરાય ભટ્ટ, આર.એસ.એસના જીતુભાઈ ગોહેલ, સતીષભાઈ ગોહેલ, અનંતરાય રૂપારેલ, ચેતનભાઈ ભટ્ટ, અનંતભાઈ ગોહેલ, સુભાષભાઈ ગોહેલ, અરવિંદભાઈ ગરથીયા, મુકેશભાઈ પોપટએ ભાગ લીધો હતો.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ પર્વ નિમિતે માહિતી આપતા જણાવ્યું કે ૮૦,૦૦૦ શબ્દોના બંધારણને ઘડતા બે વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસ લાગ્યા હતા. બંધારણ કાયમ માટે અમલમાં રહી શકે તેવું છે. આ બંધારણ પરિવર્તનશીલ અને દેશને શાંતિ કે યુધ્ધ બંને સમયમાં ટટાર રાખી શકવા સક્ષમ છે. આપણા બંધારણને વિશ્વનું દળદાર, સચોટ માનવામાં આવે છે. બંધારણની વાતમાં ડો. બાબા સાહેબ આંબેડકરની અહંમ ભૂમિકા યોગદાનને યાદ કરવું પડે છે. નાગરિકો બંધારણથી અવગત થાય તે સૌની જવાબદારી છે. અનિલ જ્ઞાન મંદિરના છાત્ર-છાત્રાઓ અને સ્વસ્તિક ગર્લ્સ હાઈસ્કુલની છાત્રાઓએ દેશભકિતનું અનેરૂ આકર્ષણ ઉભુ કર્યુ હતું.

આ પ્રસંગે ભા.જ.પના હોદેદારોએ શાળા-હાઈસ્કુલના આચાર્ય છાયાબેન દવે, ઝંખનાબેન કોઠારી, સ્ટાફનું વિશેષ બહુમાન કર્યુ હતું. વાતાવરણ સુરીલું બની ગયું હતું. ઉપસ્થિતિ સૌએ શાળાની પ્રગતિને બિરદાવી હતી.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# અરેવાહ : બાબરામાં રૂપિયા ૩.૬૭ કરોડનાં ખર્ચે વિકાસ કાર્યો કરવામાં આવશે

## નવા સી.સી. રોડ અને પેવિંગ બ્લોક માર્ગો બનાવાશે

લાઠી, તા.૨૮

લાઠી-બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ બાબરા શહેરનાં વિકાસ માટે નવી પહેલ કરી છે. મુખ્યમંત્રી શહેરી સંડક યોજના હેઠળ બાબરા નગરપાલિકા વિસ્તારમાં ૩ નવા સી.સી.રોડ અને ૧૩ બ્લોક પ્લેવિંગ રોડ બનાવવા માટે રૂા. ૬ કરોડ ૬૭ લાખની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી છે. આ નવા રસ્તાઓ બનવાથી બાબરા શહેરનાં વાહનચાલકો અને નાગરિકોને સુવિધાજનક પરિવહન સુવિધા મળશે.

આ અંગે ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ જણાવ્યું હતું કે,



બાબરા શહેરનાં વિકાસ માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. આ નવા રોડ રસ્તાઓ બાબરા શહેરની સુંદરતામાં વધારો કરશે અને લોકોનાં જીવનધોરણને સુધારશે. તેમણે આ પ્રોજેકટ માટે સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ લાઠીમાં અત્યાધુનિક સિવિલ હોસ્પિટલ બનાવવાની પણ મંજુરી મેળવી છે. આ ઉપરાંત, દામનગરમાં નંદી નાળા પુલિયા રોડ રસ્તાઓનું નવીનીકરણ પણ કરવામાં આવી રહયું છે. આમ, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા લાઠી-બાબરા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે.

### કોઈપણ શૈક્ષણિક સંસ્થા, જ્ઞાતી સંસ્થાઓને

# અમરેલીનાં શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન ટ્રસ્ટ રાહતદરે ફુલ સ્કેપ નોટબુકનું વિતરણ કરશે

## કોઈપણ સંસ્થા કે મંડળ ૧૦૦ ડઝનથી વધુ ઓર્ડર નોંધાવી શકશે

અમરેલી, તા. ૨૮

નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થાન ટ્રસ્ટ, અમરેલી દ્વારા નબળા વર્ગના વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા માટે જુન ૨૫ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે રાહત દરે કુલસ્કેપ નોટબૂકસ આપવાની યોજના છે તે અંતર્ગત ૧૯૨ પેજ તથા ૧૪૪ પેજના એમ બે પ્રકારના કુલસ્કેપ બૂકઅને પડતર કિંમતના ૫૦ ટકા દરે અપાશે. આ નોટબૂકનું છૂટક વેચાણ નહીં કરાય પણ કોઈપણ શૈક્ષણિક સંસ્થા, જ્ઞાતિ સંસ્થાઓ, વિવિધ મંડળો પોતાની જરૂરિયાત મુજબની સંખ્યાનો ઓર્ડર નોંધાવી શકશે. આ બૂકસ ડઝનના એકમમાં અપાશે. કોઈપણ સંસ્થા કે મંડળ ૧૦૦ કે તેથી વધુ ડઝનનો ઓર્ડર નોંધાવી શકશે. ઓર્ડર આપતી વખતે દર ૧૦૦ ડઝને રૂા. ૧૦,૦૦૦ લેખે ડિપોઝિટનો ચેક 'નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા'એ નામે એકાઉન્ટ પે આપવાનો રહેશે. માર્ચ ૨૦૨૫ના છેલ્લા અઠવાડિયામાં માંગણી મુજબ બુકસ અપાશે અને તે સમયે કુલ કિંમતમાંથી ડિપોઝિટ બાદ કરીને થતી રકમ પણ ચેકથી આપવાની રહેશે. વિતરક સંસ્થા ડઝન દીઠ રૂા. ૧૦ વ્યવસ્થા ડિપોઝિટના ચેક સાથે તારીખ ૧૦/૨/૨૫ સુધીમાં પોતાનો ઓર્ડર નોંધાવી શકશે. આ અંગે વધુ માહિતી માટે તથા આ યોજનામાં જાહેર ખબર આપવા ઈચ્છનારે ડો. અમિતભાઈ ઉપાધ્યાય, આચાર્ય, દીપક હાઈસ્કુલ, અમરેલી ફોન નંબર ૯૪૨૭૭ ૪૪૪૯૫ તથા ૮૧૬૦૧ ૪૫૧૩૮નો સંપર્ક કરવા વિનંતી છે.

નાગનાથ ટ્રસ્ટ આ યોજના સમાજના લાભાર્થે હાથ ધરે છે. તેથી તેનો યોગ્ય ઉપયોગ થાય તે જોવાની જવાબદારી સૌની છે સૌના સહકારી અપેક્ષા સાથે આ યોજના મૂકવામાં આવેલ છે તેમ નાગનાથ મહાદેવ દેવ સ્થાન અમરેલીના પ્રમુખ કિશોરભાઈ મહેતાની યાદી જણાવે છે.

# અમરેલી : માહી ડેરીમાં ૭૬માં પ્રજાસત્તાક પર્વની ઉમંગભેર ઉજવણી



અમરેલી, તા. ૨૮

રાષ્ટ્રના ૭૬માં પ્રજાસત્તાક દિનની માહી મિલ્ક પ્રોડયુસર ઓર્ગેનાઈઝેશન દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ જિલ્લાઓમાં આવેલી સંસ્થાની કચેરીઓ ખાતે તેમજ ગ્રામ્ય કક્ષાએ પણ કર્મચારીઓ, સહાયકો, દૂધ ઉત્પાદકો વગેરે દેશની આન, બાન અને શાન સામ તિરંગાને સલામી આપી, રાષ્ટ્ર પ્રત્યેની તેમજે ફરજ અદા કરી હતી. માહી ડેરીના ચીફ એકિઝકયુટીવ આલોકકુમાર ગુપ્તાની આગેવાની હેઠળ રાજકોટ કચેરીના કર્મચારીઓએ પણ ખંઢેરી ખાતે આવેલી માહી કેટલફીડ ફેકટરીના વિશાળ મેદાનમાં તિરંગાને સલામી આપી હતી. આ પ્રસંગે માહ મિલ્ડ પ્રોડ્યૂસર ઓર્ગેનાઈઝેશનના ચીફ એકિઝકયુટીવ આલોકકુમાર ગુપ્તાએ ભારતના બંધારણની રચના અને તેમાં કરવામાં આવેલ વિવિધ જોગવાઈઓ સંદર્ભે માહિતી આપી હતી. તેમણે માહી એમપીઓના વિઝન, મિશન અને વેલ્યૂને ધ્યાન પર રાખીને કર્મચારીઓને મન, વચન અને કર્મથી દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક ઉત્થાનમાં કાર્યરત રહેવા અપીલ કરી હતી. માહીના સભાસદો, સહાયકો, ટ્રાન્સપોર્ટરો, ડિસ્ટ્રીબ્યુટરો, રીટેલરો, કર્મચારીઓ સહિત સંસ્થા સાથે જોડાયેલા તમામ લોકોને પ્રજાસત્તાક દિનની તેમણે શુભેચ્છા પાઠવી હતી.

સંસ્થાની વિવિધ જિલ્લા કચેરીઓ ખાતે પણ કચેરીના પ્રાંગણમાં કર્મચારીઓએ તિરંગાને આન, બાન અને શાન સાથે સલામી આપી હતી.

# જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રજાસતાક પર્વની ઉજવણી કરાઈ



તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર

અમરેલી, તા. ૨૮

પ્રજાસત્તાક દિવસ નિમિત્તે પીએમ જવાહર નવોદય વિદ્યાલય અમરેલી ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત આચાર્ય વિજય કુમાર દ્વારા ધ્વજવંદન સાથે થઈ.

આ પછી, શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ દ્વારા શિસ્તબદ્ધ પરેડ રજૂ કરી જેને પ્રેક્ષકોએ ખૂબ પ્રશંસા કરી. પરેડ પછી, શાળાની બાળાઓએ વિવિધ સાંસ્કૃતિક નૃત્યો રજૂ કર્યા જેને પ્રેક્ષકોએ ખૂબ જ વખાણ્યા.

કાર્યક્રમમાં વરીષ્ઠ અધ્યાપક અરવિંદ શર્માએ સંવિધાન અને બંધારણ સુધારા પર માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું જેમાં શ્રોતાઓને બંધારણના મહત્વ અને તેના સુધારાના હેતુ વિશે સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન અધ્યાપક હિતેશભાઈ અને અધ્યાપિકા મનુસ્મૃતિએ કર્યુ હતું.

આચાર્ય વિજય કુમાર સૌને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી. આમ, પ્રજાસત્તાક દિવસની ઉજવણી પૂર્ણ થઈ.

# સાવરકુંડલા : એસએમજીકે શૈક્ષણિક સંકુલમાં કવીઝ સ્પર્ધા યોજાઈ



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા એસ.એમ.જી.કે શૈક્ષણિક સંકુલમાં ધોરણ ૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સામાજીક વિજ્ઞાન વિષયમાંથી પ્રશ્નોતરી (ક્વીઝ)ની સ્પર્ધાનું આયોજન કર્યુ હતું. જેમાં ટીમ એ. વિજેતા બનતાં સંકુલના શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા. મૌલિક શૈક્ષણિક વિચારધારાના વિકાસ માટે આવી ક્વીઝ સ્પર્ધાઓ અગત્યનો ભાગ ભજવે છે.

### શિક્ષણ વિભાગનો ટેબ્લો જિલ્લા કક્ષાએ બીજા નંબરે

# સાવરકુંડલાએ શિક્ષણ ક્ષેત્રે ઝળકીને નાવલીનું ખમીર બતાવાયું





સાવરકુંડલા, તા.૨૮

૭૬ મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી અને બી.આર.સી. સાવરકુંડલાના સયુંકત ઉપક્રમે ટેબ્લોનું નિર્માણ કરવામાં આવેલ જેમાં નવી શિક્ષણ નીતિ અનુરૂપ ભગવત ગીતાનું શિક્ષણ અને અન્ય શિક્ષણ વિભાગ દ્વારા ચાલતા કાર્યક્રમનું નિદર્શન કરવામાં આવ્યું જેમાં ટેબ્લો બનાવનાર વર્ષાબેન કોઠીયા, વર્ષાબેન કોલડીયા, કાજલ જે. ડાવરા, જયસુખભાઈ જાદવ, હરેશભાઈ સોડવડિયા, નરેશભાઈ ઉકાણી, ભુપતભાઈ ઉનાગર, સીમાબેન ત્રિવેદી દ્વારા ખૂબ જ સુંદર અને આકર્ષક ટેબ્લો નિર્માણ કરવામાં આવ્યો તમામ કર્મચારીઓને તેમની મહેનત બદલ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી મીયાણી, નાયબ ડી.પી.ઈ.ઓ. સોલંકી, જિલ્લા જેન્ડર કો.ઓ.ભૂમિ મેડમ, તા.પ્રા. શિક્ષણાધિકારી ડાંગર, બીઆરસી વિપુલભાઈ દુધાત દ્વારા તમામને ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવેલ અને ભવિષ્યમાં પણ શિક્ષણ વિભાગની કૃતિ આગળ જાય એવી શુભેચ્છા પાઠવી હતી.

# અમરેલી : ખેલ મહાકુંભ સ્પર્ધામાં ગઢીયા પરિવારનો ડંકો



અમરેલી, તા. ૨૮

અમરેલીના એક્ જ ગઢીયા પરિવારના ૩ બાળકો ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ વિજેતા બન્યા.

બેડમિન્ટનમાં અંડર ૧૪માં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રિયા ભાવિકભાઈ ગઢીયા, કરાટેમાં અંડર ૧૭ માં જિલ્લા કક્ષાએ દ્વિતીય નંબર વૃષ્ટી મિલનભાઈ ગઢીયા, સ્કેટિંગ અંડર ૧૧ માં જિલ્લા કક્ષાએ તૃતીય નંબર ધૈર્ય રાહુલભાઈ ગઢીયા, આમ ગઢીયા પરિવારના ત્રણે બાળકો ખેલ મહાકુંભ સ્પર્ધામાં અલગ અલગ સિદ્ધિ હાંસલ કરેલ છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રજાસતાક પર્વ નિમિતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૮

શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રીયતાના શિક્ષણ માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૭૬ મુ પ્રજાસતાક પર્વ ઉત્સાહ અને દેશભાવનાના માહોલમાં ઉજવાયું.


શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક ઉત્સવો ઉજવી બાળકોમાં રાષ્ટ્રભાવના અને ભારતીય વિરાસતનો પ્રેમ નિર્માણ થાય તે માટે હર હંમેશ પ્રયત્નશીલ છે.

૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ પ્રજાસતાક પર્વ ખૂબ જ ઉમંગ, ઉત્સાહ અને રાષ્ટ્રપ્રેમના વાતાવરણમાં ઉજવવામાં આવ્યું. દેશની આન, બાન અને શાન એવા ત્રિરંગાને સલામી આપી, રાષ્ટ્રગાનથી દેશભાવના વ્યકત કરી. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષણગણ અને સંચાલક તથા આમંત્રિત મહેમાનો જોડાયા હતા. શાળાના શિક્ષક ગુણવંતભાઈ જોષીએ દેશભકિત ગીત ગાઈને રાષ્ટ્રભકિતનો ઉત્સાહ ભર્યો હતો. શાળાના ધોરણ-૧૧ના વિદ્યાર્થીએ પ્રજાસતાક પર્વનું મહત્વ, બંધારણ અને શહીદવિરોને સાદ કરતુ વકતવ્ય રજૂ કર્યુ હતું. શાળાના વિદ્યાર્થીઓએ દેશભકિત ગીતો ગાઈને દેશના શહીદો અને ક્રાંતિવીરોને યાદ કર્યા હતા.સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ આજના પર્વનું મહત્વ સમજી રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા અને સારા નાગરિક બની રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરવા આહવાન કર્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્ર ભાવનાની ભરપુર ઉત્સવ ઉજવવામાં જોડાયેલ તમામ દેશવાસીઓને શુભકામના પાઠવી ઉત્સવ સંપન્ન થયો હતો.

### પારડી પેટા કચેરીમાં કથા વિવાદનો તપાસ રીપોર્ટ વિજ્ઞાન જાથાને સુપ્રત

# ધાર્મિક કે અંગત આયોજનો ઓફિસની જગ્યામાં પાબંદીનો હુકમ કરતી વડી વીજ કચેરી

## ૧૨ જિલ્લાના ૩૭ ડિવીઝનો, ૨૩૯ પેટા વીજ કચેરીઓને પાબંદીનો પરિપત્ર



અમરેલી, તા. ૨૮

અમદાવાદ : રાજકોટ જિલ્લાના પારડી ગામમાં આવેલી વીજ પેટા વિભાગીય કચેરીમાં કામકાજના કલાકોમાં સત્યનારાયણની કથા યોજવામાં આવતા ભારત જન વિજ્ઞાન જાથાએ રૂબરૂ મુલાકાત કરી ડેપ્યુટી ઈજનેરને સર્વિસ રૂલ્સ સાથે કાયદા ભંગની વાત કરતાં કથા બંધ રાખવાની નોબત આવી હતી. જાથાએ મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને રજુઆત કરતા રાજકોટ સ્થિત વડી કચેરીએ ૧૨ જિલ્લાના ૩૭ ડિવીઝનો, ૨૩૯ પેટા કચેરીઓને પરિપત્રમાં આ પ્રકારના ધાર્મિક કે અંગત આયોજનો ઓફિસ પ્રીમાઈસીસમાં કરવા નહિ. પાબંદી કરતા જાથાની સત્યતાનો વિજય થયો હતો.

બનાવની વિગતમાં રાજકોટ જિલ્લાના પારડી ગામમાં આવેલી વીજ પેટા વિભાગીય કચેરીમાં તા. ૨૫મી ઓકટોબર શુક્રવારે ચાલુ કામકાજના કલાકોમાં ઓફીસના રૂમમાં સત્યનારાયણ કથાનું આયોજન વીજકર્મીઓ, તેનો પરિવાર, વીજ કોન્ટ્રાકટરોના સહયોગથી કરવામાં આવેલ તેની માહિતી કર્મચારીએ જાથાના કાર્યાલયે આપી હતી. ગ્રાહકો, રજુઆત માટે આવેલા નાગરિકોને કથાની વાત કરી રવાના કરી દેવામાં આવે છે અને ઓફીસમાં ધાર્મિક વાતાવરણ હોય કર્મીઓ કામકાજથી અલિપ્ત છે. કથાનો રૂમ રાખેલ છે તેના ટેબલ, ખુરશી, કોમ્પ્યુટર વિગેરે ફેરફાર કરવામાં આવ્યો છે. માહિતી આપનારે ઓફિસ સમયમાં કથાના આયોજનનો વિરોધ છે તેને પુરાવા આપ્યા હતા. જાથાના ચેરમેન જયંત પંડયાએ ખરાઈ કરવા મોકલતા માહિતી સાચી નીકળી હતી. તુરંત જાથાની ટીમને પારડી રૂબરૂ જવાનું હોય રાજયના મુખ્યમંત્રી, ઉર્જામંત્રી, અધિક મુખ્ય સચિવ ઉર્જા વિભાગ, રાજકોટ ગ્રામ્ય વર્તુળ વડી કચેરીના ડાયરેકટર, જોઈન્ટ ડાયરેકટર, કલેકટર સહિતનાઓને ઈ-મેઈલ અને રૂબરૂ પત્ર પાઠવી પુરાવા રાખવામાં આવ્યા હતા. જાથાના મતે ચાલુ ઓફિસ દરમિયાન કથા યોજવી જે સર્વિસ રૂલ્સ તથા કાયદા ભંગ હોય ભવિષ્યમાં કોઈપણ મુસ્લિમ કે ક્રિશ્ચિયન વિજકર્મીઓ પોતાની ઈચ્છા મુજબ ધાર્મિક કાર્યક્રમ રાખે તો મોટા પ્રશ્નો ઉભા થાય તેમ હોય જાથાએ કાયમી નિરાકરણ કરવાનો સંકલ્પ કર્યો હતો. તેને લગત અગાઉ રજુઆત કરી લીધી હતી.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએની આગેવાનીમાં ટીમ બપોર પછી પારડી વીજ કચેરીએ પહોંચતા એક રૂમમાં કથામાં ડે. ઈજનેર, બીજા કર્મી તેની પત્નિ ઘરચોળામાં પૂજાવિધિમાં જોડાયેલા હતા. બાજોઠ, સ્થાપન, કળશ, તુલસી પત્ર વિગેરે વિધિના મંત્રોચ્ચાર ચાલતા હતા. ડે. ઈજનેર ઉભા થઈ જાથાના જયંત પંડયા પાસે આવ્યા. તેમને ઓફિસમાં આ પ્રકારે પૂજાવિધિ, કથા કરી શકાય નહિ. પોતાના ઘરે કે ઓફિસ સમય બાદ કે રજાના દિવસે યોજો તો નાગરિકોને ધક્કા ન થાય તેવી વાત ઉચ્ચારી હતી. બાદ કર્મચારીઓએ સામુહિક નિર્ણય લઈ કથા બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. અગાઉથી કથા બાદ વીજકર્મીઓ પરિવાર, વીજ કોન્ટ્રાકટરો બધા હોટલમાં જમવાનું રાખ્યું હતું તે નિશ્ચિત હતું. કથા ખર્ચ, હોટલ ખર્ચ કોન્ટ્રાકટર ભોગવવાના હતા તેવી માહિતી હતી. જાથાએ કથા સંબંધી વિવેકપૂર્ણ, કાયદાની ભાષામાં વાત કરી હતી. ઓફિસ સમયમાં ધાર્મિક આયોજનો કરી શકાય નહિ. લોકોના રૂપિયામાંથી વીજ કચેરીનું મકાન, ઓફિસ, કર્મચારીઓનો પગાર થતો હોય કોઈપણ વ્યકિત કર્મચારી ધાર્મિક આયોજન કરી શકતું નથી તેવો રૂલ્સ, નિયમ વષોથી અમલમાં છે. દેશનો કોઈપણ નાગરિક સરકારી કચેરીમાં ધાર્મિક આયોજનનો સદૈવ વિરોધ કરી શકે છે તે નાગરિક ધર્મ છે. જાથા અને વીજ કચેરી બંનેમાં કોઈ વાદ-વિવાદ ન હતો.

વીજ કચેરીમાં સત્યનારાયણની કથા પ્રકરણ વર્તમાનપત્રમાં પ્રગટ થયેલ, બાદ બે દિવસ પછી અમદાવાદના બે શખ્સોએ ધાર્મિક કથાની આડમાં પોતાની પ્રસિધ્ધિ ખ્યાતિ માટે લોકોને અવળે માગે વાળવા કથા જાથાએ બંધ કરાવી તેવા હેતુથી વાદ-વિવાદ શરૂ કર્યો. જાથાના ચેરમેન પંડયા અડગ રહ્યા. બંને લેભાગુઓને મચક ન આપી. બાદ ચેરમેન પંડયાના ઘરે શુધ્ધિકરણના નામે માત્ર આઠ ૮ બ્રાહ્મણો આવી ગંગાજળ પ્રયોગ કર્યો. બીજે દિવસે કથાની જાહેરાત કરી પરંતુ પંડયાના ઘરે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હોય ઘર પાસે કથા કરી ન શકયા. સાંજે ૬ કલાકે મુખ્ય રોડ ઉપર ચાની લારીની ગટર પાસે ૨૫ બ્રાહ્મણો આવી એક કલાકની સત્યનારાયણની કથા યોજી તમાશો જોરદાર જોવા મળ્યો. ઘર પાસે કથા યોજી ન શકનારાને જોરદાર લપડાક મળી. બાદ દિવાળી, લાભપાંચમ પછી આંદોલનની જાહેરાત કરી આજદિન સુધી હવામાં સાબિત થઈ બહુધા સમાજે ટેકો ન આપ્યો અને ગુજરાત બ્રહ્મસમાજના મોટાભાગના આગેવાનો અળગા રહ્યા. અમદાવાદના બંને લેભાગુઓને નીચાજોણું થયું. ફાકા-ફોજદારી કરતા જાથા સામે કશું જ ઉપજયું ન હતું. જાથાએ આંદોલનના સમયમાં કાળી ચૌદશનો તાલાલા સ્મશાનમાં કાર્યક્રમ રાત્રિના દોઢ કલાક સુધી કર્યો. ગામ આખું જાગૃતિ માટે જોડાયું. આંદોલનનું સુરસુરીયાની શરૂઆત થઈ ગઈ હતી. જાગૃત બ્રહ્મસમાજને આંદોલન પહેલેથી ખોટું લાગતું હતું. જેથી જાથાના વિરોધ કાર્યક્રમમાં માંડ-માંડ ૨૫ બ્રાહ્મણ વ્યકિતઓ હાજર રહ્યા. માત્ર બે દિવસના હાકલા-પડકારા જમીનદોસ્ત, દફનાવા સાબિત થયા.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે રાજકોટ સ્થિત વીજની વડી કચેરીએ સરકારને રીપોર્ટ કર્યો તેમાં ૨૫મી ઓકટોબર શુક્રવારે બનાવ બન્યો તે સંબંધી પારડી વીજ કચેરીનું ગ્રાહકોનું કામકાજ ચાલુ હતું. તેમાં કોઈ રૂકાવટ આવેલ નથી. બારી નિયમાનુસાર ૪:૩૦ કલાક સુધી ચાલુ હતી. ડે એન્ડ પ્રોસેસ, ફિલ્ડ સ્ટાફ, વીજ ફરિયાદ સંબંધી કામગીરી ચાલુ હતી. અમારો વિરોધ કર્મચારીઓ સામે હરગીઝ નથી. ઓફિસ સમયમાં કથા યોજાઈ તે કાયદા ભંગ છે. આ પ્રકરણમાં એજીવીકેએસ અને જીબીઆ સંગઠનો કર્મચારીઓના બચાવમાં કુદી પડયું પણ સરકાર શિક્ષાત્મક પગલા ભરે નહિ તેવા ઉદ્દેશથી રજુઆતમાં જોડાયું. કોઈ તેમાં ઉકાળી ન શકયા. ચાલુ કામકાજના કલાકોમાં પ્રજાના પ્રશ્નનો ઉકેલવાના બદલે સત્યનારાયણની કથા યોજાઈ તે સંબંધી નાગરિક ધર્મનો ઉલાળીયો કર્યો તેથી સંગઠન જીહજુરીયા સાબિત થયેલ છે. સરકાર પાસે આ બંને સંગઠનો આળોટતું હોય તેવો અહેસાસ થાય છે. તપાસ રીપોર્ટમાં જાથાની રજુઆતને સમર્થન આપતા પરિપત્રમાં કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી તેમના તાબા હેઠળની દરેક પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરોને આ બાબતે સ્પષ્ટ સુચના પણ આપવામાં આવેલ છે કે આ પ્રકારના ધાર્મિક કે અંગત આયોજનો ઓફિસ પ્રીમાઈસીસમાં કરવા નહિ તેવા મતલબનો પરિપત્ર કરતા તમામ સરકારી ઓફિસમાં કાયમ માટે પ્રતિબંધ આવી ગયો છે તેવું જાથા માને છે. અંતમાં જાથા રાજયના એકપણ સરકારી કર્મચારી વિરૂદ્ધમાં નથી કે કોઈપણ સંગઠનોની વિરૂદ્ધમાં નથી. માત્ર પોતાની પ્રસિદ્ધિ માટે મોટા સમાજને ગુમરાહ કરી અવળે માગે વાળવાની હિન પ્રવૃત્તિની જાથા નિંદા કરે છે. અમદાવાદના બંને શખ્સોને સુધરી જવા જાથા આલબેલ કરે છે. જાથાની રજુઆતનો મહ્દ અંશે વિજય થયો છે. નાગરિક ધર્મની ફરજ બજાવી હતી.

# ચલાલા ખાતે ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં પ્રજાસત્તાકદિનની ઉજવણી



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજ, સંસ્કૃત શકિત ગુરૂકુળ તથા રક્ષા શકિત સ્કુલમાં ૨૬મી જાન્યુઆરીની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. રક્ષા શકિત સ્કુલના પ્રિન્સિપાલ તુષારસર વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. અને શાળાના બાળકો અને કોલેજની દીકરીઓ દ્વારા રાષ્ટ્રગાન સાથે નારા બોલાવી ૨૬મી જાન્યુઆરીની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના વડા રતિદાદા એ દેશ પ્રત્યે પોતાની નિષ્ઠા તથા રાષ્ટ્રપ્રેમ વિશે બાળ કોને ઉદ્‌બોધન આપ્યું હતુ. સંસ્કૃત શકિત ગુરૂકુળા અને રક્ષા શકિત સ્કુલના બાળકોએ શાનદાર પીરામીડ, પરેડ તથા અભિનય નૃત્ય કરી શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્કૂલ કોલેજના ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## લીલીયામોટાનાં ઈંગોરાળા ખાતે

ગઈકાલ સાંજના સમયે લીલીયા તાલુકાના ઈંગોરાળા ગામે એક માલઢોર ચરાવતા માલધારી સગીર યુવક પર સિંહે હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કરી દીધાનું જાણવા મળેલ છે. ઘવાયેલા તરૂણને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ લીલીયા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા રવી કમાભાઈ ભુવા નામના ૧૭ વર્ષિય તરૂણ ગઈકાલે સાંજના સમયે ઈંગોરાળા ગામની સીમમાં પવનચક્કી નજીક વોકળામાં પોતાના માલઢોર ચરાવી રહયો હતો. ત્યારે આ માલધારી તરૂણ પવનચક્કી નજીક વોકળામાં જતા ત્યાં ત્રણ જેટલા સિંહ આરામ ફરમાવતા હતા. આ સમયે અચાનક માલધારી તરૂણ ત્યાં આવી પહોંચતા અને આ તરૂણે અચાનક સિંહ જોઈ જતા તે નાસવા લાગતા ત્રણ સિંહ પૈકી એક સિંહે આ તરૂણ ઉપર હુમલો કર્યો હતો.

આ બનાવમાં ઘવાયેલા તરૂણને પેટ, કમર અને પીઠ પાછળના ભાગે સિંહે ગંભીર ઈજાઓ કરતાં ઘવાયેલા તરૂણને સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે. જયારે આ બનાવ સમયે ઈંગોરાળા ગામની સીમમાં પવનચક્કી નજીક વોકળામાં ત્રણ જેટલા સિંહનું ગૃપ હોય તે પૈકી કયાં સિંહે કર્યો હશે તે અંગે વનવિભાગ મુંઝવણમાં હોવાનું પણ જાણવા મળેલ છે. આ બનાવ બાદ વન વિભાગે આ વિસ્તારને કોર્ડન કરી હુમલો કરેલા સિંહને પિંજરે પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાજુલા ખાતે કોંગી હોદ્દેદારે પાલિકાની ચૂંટણીનું ફોર્મ રજૂ કર્યુ



રાજુલા, તા. ૨૮

રાજુલા નગરપાલિકાની ચૂંટણીનું શહેર કોંગ્રેસ પ્રમુખ રવિરાજભાઈ ધાખડા એ કોંગ્રેસ પક્ષમાંથી અમરેલી જિલ્લા કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વરૂની આગેવાનીમાં પ્રથમ ફોર્મ રાજુલા પ્રાંત કલેકટર ખાતે રજુ કર્યુ.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી પાલિકાનાં શાસકો વિરૂધ્ધની

કોંગ્રેસના આઠ સદસ્યોએ તરફેણમાં મતદાન કરતા અવિસ દરખાસ્તનો ૨૮ વિરૂધ્ધ ૮ મતોથી ફિયાસ્કો થયેલ હતો. જોકે ભાજપના આગેવાનોની જહેમતથી નારાજ સદસ્યો દ્વારા અગાઉ જ અવિસની દરખાસ્ત પરત ખેંચી લેવામાં આવેલ હતી. આખરે ઘીના ઠામમાં ઘી પડી ગયેલ હતું.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીની લો–કોલેજ માર્ગ ઉપર

ગંધાતા પાણી વહેતા હોવા છતાં પણ પાલિકાનાં શાસકો સમસ્યાનું નિરાકરણ કરતા નથી.

અમરેલીનાં નાયબ દંડક, જિલ્લા કલેકટર, ઈન્ચાર્જ ચીફ ઓફિસર, પાલિકા પ્રમુખ સહિતનાં જનસેવકો આ મામલે ગંભીરતા દાખવીને સેંકડો વિદ્યાર્થીઓની આરોગ્યની ચિંતા કરીને સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ ઉભી થઈ છે.

પાલિકાનાં શાસકો એક અઠવાડીયામાં સમસ્યાનું સમાધાન ન કરે તો મીડિયાનાં સહયોગથી આ પ્રશ્ને રાજયભરમાં ચકચારી બનાવવાની સામે માનવ અધિકાર આયોગમાં પણ ફરિયાદ કરવાની તૈયારી શરૂ કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## એસ.ટી. બસને ત્રંબા ખાતે સ્ટોપ

એસ.ટી. ડિવિઝનના નિયામકે તેમના તાબાના તમામ એસ.ટી. ડેપોના મેનેજરને એક લેખિત હુકમ કરેલ છે કે, અમરેલી–રાજકોટ વાયા બાબરા, સરધાર થઈને ત્રંબા જતી તમામ લોકલ બસના રૂટમાં ત્રંબા ગામનું સ્ટોપ આપી સંચાલન કરવા તેમજ એકસપ્રેસ રૂટની તમામ એસ.ટી. બસને ત્રંબા ગામનું રિકવેસ્ટ સ્ટોપ આપી ત્રંબા ગામથી મુસાફર લેવા તેમજ ઉતારવા સુચના આપેલ છે. તેમજ હવે પછી કોઈ પણ ફરિયાદ ઉપસ્થિત થવા ના પામે તેની તકેદારી રાખવા અમરેલી એસ.ટી. ડિવિઝનના નિયામકે જણાવેલ છે. આમ વિદ્યાર્થીઓના પ્રશ્ન અમરેલીના ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ ઉકેલતાં વિદ્યાર્થીમાં રાહતની લાગણી જોવા મળતી હતી.

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૯ | ૧૫૦૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૦ | ૧૦૯૫ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૮૫ | ૧૧૪૩ |
| ૩ | શિંગ મોટી | ૯૨૦ | ૧૧૩૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૫૦ | ૧૨૧૩ |
| ૫ | તલ સફેદ | ૧૪૩૦ | ૨૩૧૫ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૪૭૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૮૬ | ૨૫૮૬ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૭૦૨ |
| ૯ | જુવાર | ૫૩૦ | ૧૨૫૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૭૩ | ૬૮૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૮૦ | ૬૭૫ |
| ૧૨ | અડદ | ૬૪૦ | ૧૨૭૦ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૧૧૪૪ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૧૫૫૬ |
| ૧૫ | કપાસ | ૯૦૦ | ૧૫૦૪ |
| ૧૬ | એરંડા | ૧૧૫૦ | ૧૨૩૦ |
| ૧૭ | જીરૂ | ૨૫૬૦ | ૪૧૦૦ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૧૯ | મેથી | ૭૭૫ | ૯૯૯ |
| ૨૦ | સોયાબીન | ૬૦૦ | ૮૧૨ |
| ૨૧ | મરચા લાંબા | ૪૪૦ | ૩૦૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી ખાતે અખિલ ભારતીય

માટે ઉપયોગી 'યુવા છાત્ર સંવાદ' કાર્યક્રમનું આયોજન તા. ૨૯ બુધવારના રોજ સવારે ૮:૩૦ કલાકે ઓપન એર થીએટર, વિદ્યાસભા લાઠી રોડ, અમરેલી ખાતે કરવામાં આવેલ છે. જેમાં રાજયના કેબીનેટ શિક્ષણ મંત્રી ડો. કુબેર ડીંડોરની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. જયારે મુખ્ય વકતા તરીકે શૈલેષભાઈ સગપરીયા (મોટિવેશનલ સ્પીકર) અને અતિથિ વિશેષ તરીકે પ્રદેશ સહ મંત્રી, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાતના દેવાંશભાઈ બ્રહ્મભટ્ટ રહેશે. તેમ આયોજક કમલેશભાઈ મહેતા, ભિષ્મભાઈ ભરાડ તથા વસંતભાઈ પેથાણીએ જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીના માણેકપરામાં રહેતી

અમરેલીના બહારપરા વિસ્તારમાં રહેતા અનીલભાઈ ચાવડા તથા વાયદો (રહે.અમરેલી) તથા અજીતભાઈ વિછીંયા (રહે.કુતાણા)ને ત્યા પોતાનાં પતિ હાર્દિકભાઈ વિનોદભાઈ માધવાણીએ વિદેશી દારૂ ઉતારેલ હોય તે બાબતે પોલીસને બાતમી આપેલ તે બાબતનું મનદુઃખ રાખી તેણીનાં પતિ હાર્દિકભાઈ વિનોદભાઈ માધવાણી તથા ભયકુભાઈ ધાકડાએ તેને ફોન વોટસએપ કોલ કરી તેણીને ટાયીયા ભાંગી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાય છે.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૮ | ૧૦૯૯ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૦ | ૧૧૧૩ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ૪ | જીરૂ | ૩૯૦૦ | ૪૧૨૫ |
| ૫ | કપાસ | ૧૩૨૫ | ૧૪૭૩ |
| ૬ | ઘઉં લોકવન | ૬૨૪ | ૭૧૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૬૦૨ | ૭૦૪ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૭૧૬ |
| ૯ | જુવાર | ૬૨૦ | ૯૧૪ |
| ૧૦ | ચણા | ૯૫૦ | ૧૧૦૪ |
| ૧૧ | તુવેર | ૧૨૭૧ | ૧૫૪૫ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૫૨૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૦૭૫ | ૧૧૦૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૧૦૧૬ | ૧૦૬૪ |
| ૫ | તલ સફેદ | ૧૭૫૦ | ૧૮૩૦ |
| ૬ | ઘઉં | ૫૧૮ | ૬૩૨ |
| ૭ | જીરૂ | ૩૬૯૦ | ૩૮૦૦ |
| ૮ | સોયાબીન | ૭૫૬ | ૭૭૪ |
| ૯ | તુવેર | ૧૩૫૫ | ૧૪૨૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૪૪૦ |
| ૨ | મગફળી | ૭૨૫ | ૧૦૨૬ |
| ૩ | ઘઉં | ૫૫૫ | ૬૨૫ |
| ૪ | તુવેર | ૧૧૭૫ | ૧૩૬૫ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૬ | તલ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| ૭ | અડદ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૮ | ધાણા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૯ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૮ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૫ | ૬૧૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૫ |
| ૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૫ | સોયાબીન | ૫૨૪ | ૭૭૦ |
| ૬ | તુવેર | ૧૧૧૫ | ૧૩૨૦ |
| ૭ | શીંગદાણા | ૧૧૪૫ | ૧૧૮૦ |
| ૮ | મગફળી | ૬૦૦ | ૬૮૦ |
| ૯ | અડદ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૦ | મકાઈ | ૫૫૦ | ૫૫૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૭૫૫ | ૨૨૦૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૨ | મગફળી | ૧૦૨૦ | ૧૦૭૨ |
| ૩ | જુવાર સફેદ | ૭૭૫ | ૭૭૫ |
| ૪ | સોયાબીન | ૬૯૧ | ૭૫૨ |
| ૫ | તુવેર | ૧૦૦૩ | ૧૩૨૨ |
| ૬ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૪૦ | ૧૧૨૬ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૩ | તલ પીળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૪ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૫ |
| ૫ | બાજરો | ૫૭૦ | ૫૭૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૩૭ | ૭૦૩ |
| ૭ | જુવાર | ૬૮૧ | ૯૬૨ |
| ૮ | મગ | ૧૦૨૫ | ૨૧૭૧ |
| ૯ | મઠ | ૭૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૧૧૨૧ |
| ૧૧ | તુવેર | ૧૦૯૦ | ૧૪૬૧ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૨૭૨ |
| ૧૩ | જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૧૪ | સોયાબીન | ૬૫૦ | ૭૮૧ |
| ૧૫ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |

# કતારગામનાં ગજેરા વિદ્યાભવન ખાતે ૨૬મી જાન્યુઆરી અંતર્ગત પ્રજાસત્તાક દિન કાર્યક્રમ યોજાયો



ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે ૨૬મી જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિનની ઉજવણીનાં ભાગરૂપે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધ્વજવંદન કાર્યક્રમ અને સંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં માનવંતા મહેમાનઓ જેવા કે એકસ આર્મી ઓફિસર એન. કે. દેસાઈ, મનમોહન શર્મા, સુમન પટેલ, રિટાયર ફાયર ઓફિસર અશોક સાલુનકે, ડેન્ટિસ્ટ ડો. ચેતન શાહ, વકીલ અને મોટીવેશનલ સ્પીકર મિસ કવિતા કંસારા, સાયબર સેલના અધિકારી યોગેશ આસુરા, ગ્રીન આર્મીના પ્રમુખ મિતેશ નારોલા, લાયન્સ કલબના મેમ્બર પ્રિયંકા જૈન, એન. કે. રોશન, વિનુભાઈ કથીરિયા, સુરતવાલા, અને શાળાના ટ્રસ્ટી ચુનીભાઇ ગજેરાની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સાથે સાથે શાળાનાં જ બાળકો ધ્વારા સંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભકિત પર વિવિધ ડાન્સ, સ્કેટિંગ ડાન્સ, સોંગ, અને માઈમ જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી કાર્યક્રમમાં ઉપસ્થિત દરેકને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. ધ્વજવંદન કાર્યક્રમની સાથે સાથે ગજેરા ટ્રસ્ટમાં જે કર્મચારીઓ સંકળાયેલા છે તે કર્મચારીનું જો કોઈ કારણસર અવસાન થાય તો તેમનાં પરિવારને મદદ મળી રહે તે હેતુથી રૂા. ૨ લાખનાં ચેકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તમામ કાર્યક્રમમાં શાળાનાં ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા હાજર રહીને આ ત્રિવિધ કાર્યક્રમને દીપાવ્યો હતો.

# સાવરકુંડલા લીલીયા વિધાનસભાની વિકાસગાથા દર્શાવતા 'ઋણાનુંબંધ' પુસ્તકનું લોકાર્પણ કરાયુ






સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના નેતૃત્વમાં વિસ્તારના સર્વાંગી વિકાસની ગાથાને દર્શાવતું 'ઋણાનુંબંધ' પુસ્તકનું ભવ્ય લોકાર્પણ તા.૨૮-૧-૨૫ના રોજ સાંજે ૩ કલાકે દશાશ્રીમાળી જૈન બોર્ડિંગ, કાપેલધાર, સાવરકુંડલા ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમમાં નેસડી ખોડલધામના સંત પ.પૂ.લવજી ભગત, સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા અનુસુચિતજાતિ મોરચાના અધ્યક્ષ શ્રી કેશુભાઈ વાઘેલાના વરદહસ્તે પુસ્તકનું વિધિવત્ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં વિધાનસભા વિસ્તારમાં છેલ્લા વર્ષના થયેલા વિકાસ કાર્યોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. રસ્તાઓનું નવીનીકરણ, પાણી પુરવઠાની સુવિધાઓમાં વધારો, શિક્ષણ અને આરોગ્યક્ષેત્રે કરવામાં આવેલા પ્રયાસો, ગ્રામીણ વિકાસ અને રોજગારીની તકો સર્જન જેવા વિવિધ ક્ષેત્રોમાં થયેલા કામોની વિગતવાર માહિતી આ પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. આ ભવ્ય કાર્યક્રમમાં શહેરના તમામ જ્ઞાતિ સમાજના પ્રબુદ્ધ નાગરિકો, વેપારી મિત્રો તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, સેલ મોરચાના હોદ્દેદારો, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાના સભ્યો શહેરના પ્રતિષ્ઠિત પત્રકારો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. લોકોમાં આ સરવૈયા સમા ઋણાનુબંધ પુસ્તક પ્રત્યે વિગતો જાણવા ભારે ઉત્સુકતા જોવા મળી હતી. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ વિધાનસભાના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયાસો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, 'આ પુસ્તક વિધાનસભાના વિકાસની ગાથાને દર્શાવતો એક દસ્તાવેજ છે. આપણે સૌએ મળીને વિધાનસભાના આ વિસ્તારને વધુ વિકસિત કરવાનું કામ કરવાનું છે.' તેમણે ભવિષ્યમાં વધુ વિકાસ કાર્યો કરવાની વાત કરી હતી. સાંસદ ભરતભાઈ સુતરીયાએ પણ વિધાનસભાના વિકાસમાં સહયોગ આપવાની વાત કરી હતી. તેમણે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને આ પુસ્તકને વિકાસની દિશામાં એક મહત્વનું પગલું ગણાવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન કરવા બદલ આયોજકોને ઠેર ઠેર અભિનંદન પાઠવવામાં આવી રહયા છે. આમ વિકાસ અને વિરાસતને આગળ ધપાવવાની પૂર્ણ જવાબદારી સાથે સમગ્ર ગુજરાતના ધારાસભ્યો માટે એક પથ દર્શક અને પ્રેરણા સમાન લેખાજોખા દર્શાવતો આ કાર્યક્રમ ભવ્ય દિવ્ય રીતે સંપન્ન થયો. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહીને શહેર તેમજ સાવરકુંડલા લીલીયા વિધાનસભાના વિસ્તારના પ્રજાજનોને કાર્યક્રમને બિરદાવ્યા. તેમજ ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો થતાં રહે તેવી અભિલાષા વ્યક્ત કરી. આમ આ કાર્યક્રમ સાવરકુંડલા લીલીયા વિધાનસભાના વિકાસના નવા અપ્રયાયની શરૂઆત કરતો એક મહત્વનો દસ્તાવેજી પ્રસંગ ગણાય. આ દસ્તાવેજ સમું પુસ્તક ભાવિ પેઢી માટે પ્રેરણાનું સ્રોત બનશે. અને *હમ રહે ના રહે પર યે દિપક પ્રેરણા કાસદાય જલતા રહે એ આશય અને શુભભાવના સાથે પારદર્શક વહીવટની પરંપરા સ્થાપિત કરવા માટેનો નમ્ર પ્રયાસ ગણાય. નેશનલ હાઈવે થી લઈને નલ સે જલ તક યોજનાને સાકાર કરવા માટે ધારાસભ્યની બાજ નજર છે વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમરેલી જિલ્લામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે અને ટેકનોલોજી ક્ષેત્રે વિકાસ કરવા માટે હવે આગળ આવવું પડશે. અને આધુનિક જમાના સાથે જોડાવા માટે સતત પ્રયત્નશીલ અને જાગૃત રહેવું પડશે. ગામડાની પરંપરા બદલવી પડશે. સ્વચ્છતા માટે સહિયારા પ્રયાસો કરવા પડશે. ગોકુળિયા ગ્રામની પરિકલ્પના સિપ્રધ કરવા માટે હવે સૌએ સહકારની ભાવના પણ કેળવવી પડશે. અંતમાં ધારાસભ્યએ પૂર્ણ ભાવવાહી થઈને ઉપસ્થિત તમામનો સહૃદયી આભાર માન્યો હતો એકંદરે આ પ્રયાસ શહેરના બુધ્ધિજીવોમાં પણ પ્રશંસા પાત્ર રહ્યો હતો.

### ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી

## સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કેટલાક ઉમેદવારોને પરેશાનીઓનો સામનો કરવો પડે છે

### વિપક્ષી નેતા અમિત ચાવડાએ યોગ્ય કરવા માંગ કરી

અમરેલી, તા. ૨૮

ગુજરાત વિધાનસભાનાં વિપક્ષીનેતા અમિત ચાવડાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં કેટલાક ઉમેદવારોને પરેશાનીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં ભરતી પ્રક્રિયાની ધીમી ગતિ, ઉમેદવારો પાસેથી વસૂલ કરવામાં આવતી ફી, ભરતી કેલેન્ડર, ઈંટરવ્યૂના માર્કસનું વેઈટેજ અને આયોગના નિષ્ણાતો મુદે રાજયના આશાસ્પદ ઉમેદવારોનું ભવિષ્ય દાવ પર છે.

વધુમાં જણાવેલ છે કે, કેટલાક ઉમેદવારોને તેમના નિવાસસ્થાનથી ખૂબ દૂર આવેલ કેન્દ્રો મળતા હોવાથી તેમને મુસાફરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, વ્યવસ્થા અને વાહનવ્યવહારને અભાવે ઉમેદવારો જેટલી સંખ્યામાં ફોર્મ ભરે છે તે તમામ ઉપરોકત કારણોસર પરીક્ષા આપવા જઈ શકતા નથી અને સરકારી નોકરી પામવાની તક ચૂકી જાય છે જેથી હવે પારદર્શક ભરતી કરતાં GPSC ઉમેદવારોને વતનના નજીક એવા પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોને બેઠક વ્યવસ્થા આપવી જોઈએ.વધુમાં જણાવેલ છે કે, પ્રશ્નપત્રોની ગુણવત્તાને લઈને ઉમેદવારોની ફરિયાદ છે કે કેટલાક પ્રશ્નો સ્પષ્ટ નથી અને કેટલાક પ્રશ્નોનો ઉત્તરમાં પણ આયોગ જાતે જ સ્પષ્ટ નથી. આવા વિષય નિષ્ણાતોને ભરતી પ્રક્રિયામાં દૂર કરવા જોઈએ, આયોગની આવી ભૂલો છુપાવા માટે ફિસ લેવામાં આવે એ દૂર કરવી જોઈએ. આ રીતે આયોગ નિષ્ણાતો પ્રશ્નમાં ભૂલો કરે છે. જો ઉમેદવાર તેમને જાણ કરે છે, તો તેમણે તેમને જાણ કરવા માટે પૈસા પણ ચૂકવવા જોઈએ. જો સરકારને લાગે છે કે વાંધા અરજીઓ વધુ આવી રહી છે, તો સરકારે ખરેખર યોગ્ય માર્ગદર્શિકા આપવી જોઈએ કે આટલા બધા પુસ્તકો માન્ય રહેશે અને ઘણા નહીં, અને ગુજરાત સરકારે સંદર્ભ પુસ્તકો નકકી કરવા જોઈએ.વધુમાં જણાવેલ છે કે પરિણામોની વિલંબિત જાહેરાતનો મુદ્દો જેમાં પરિણામોની વિલંબિત જાહેરાતના કારણે ઉમેદવારોમાં અસંતુષ્ટિ અને નિરાશા જોવા મળી રહી છે. આયોગ દ્વારા લેવામાં આવેલી ડેપ્યુટી સેકશન ઓફિસરની મુખ્ય પરીક્ષા પૂર્ણ થયે ૪.૫ મહિના કરતાં વધુ સમય થઈ ગયો છે, વર્ગ-૧-૨ની આગામી પ્રિલિમ્સ માટે ફોર્મ ભરતા પહેલા જાહેરાત ૨૦/૨૨-૨૩, ૪૭/૨૩-૨૪ના અંતિમ પરિણામો ઉમેદવારોને આપવામાં આવે જેથી અસફળ ઉમેદવારો અરજી કરી શકે અને ફરીથી પરીક્ષામાં બેસવાની તક ગુમાવી ન શકે, જાહેરાત ક્રમાંક ૪૫/૨૦૨૩-૨૪ની પરીક્ષા પૂરી પાડી થયે ૬ મહિના થયા છતાં ફાઈનલ રિઝલ્ટ હજી



આપવામાં આવ્યું નથી.

દેશના અન્ય રાજયોની જેમ પ્રશ્નપત્રમાં પ્રશ્ન જવાબની ભૂલ માટે વાંધા ફી જો લેવામાં આવતી હોય તો અન્ય રાજયની જેમ વયમર્યાદા મુદ્દે પણ ધ્યાન આપવું જોઈએ. જેમ કે પાડોશી રાજય રાજસ્થાનમાં એક સરસ વ્યવસ્થા છે જેમાં આયોગની ૩ વર્ષ સુધી કોઈ જાહેરાત ના આવી હોય તો ૩ વર્ષ વયમર્યાદામાં વધારો કરી આપવામાં આવે છે.

વધુમાં જણાવેલ છે કે ગુજરાત જાહેર સેવા આયોગ રાજયના ઉમેદવારોની ફરિયાદોને ગંભીરતાથી લઈ રહ્યું નથી જેથી તુરંત કામગીરી હાથ ધરવાનો પરિપક્વ નિર્ણય કરવો જરૂરી છે. આ ઉપરાંત GPSCની ટીમ દ્વારા દરેક ફરિયાદની વિગતવાર તપાસ કરવામાં આવે અને જે કોઈ વિઘ્નો આવે તે ઝડપી નાબૂદ કરવા માટે યોગ્ય પગલાં લેવામાં આવે અને આ વર્ષે આયોગ ધ્વારા ભરતી પ્રક્રિયાનું કેલેન્ડર ઝડપથી જાહેર કરવામાં આવે જેથી ઉમેદવારો ઉત્સાહપૂર્વક મહેનત કરી શકે અને રાજયની સેવામાં જોડાઈ શકે. ગુજરાત જાહેર સેવા આયોગ કાયમી રીતે ન્યાયિક અને પારદર્શક પદ્ધતિઓને અનુસરીને તમામ ઉમેદવારોના હિતમાં કામ કરી એ સાથે આયોગ અગાઉના અમુક વર્ષોમાં ધીમી પડેલી પ્રક્રિયા પૂર્ણ રીતે સમયસર થાય એ રીતે પગલાં લેવા માટે યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## સાવરકુંડલાના દાધિયા ગામનાં ખેડૂતનુ જુનાગઢ ખાતે સન્માન



સાવરકુંડલા, તા. ૨૮

જૂનાગઢ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ મિટિંગ 'ફાર્મર ઈન્ડસ્ટ્રીઝ એનજીઓ ઈન્ટરેકશન મીટ' હતી જેમાં સાવરકુંડલા તાલુકાના દાધિયા ગામનાં પ્રગતિશીલ ખેડૂત હર્ષદભાઈ કનુભાઈ ભાલાળા કે જે ભીંડો, ટામેટા, તરબૂચ, મરચી, કેળ, ટેટી, હાઈ ટેક્નોલોજી દ્વારા ડુંગળીની ખેતી કરે છે, સાથે સાથે ખેતીની અંદર ડ્રિપ, મલચિંગ, ગ્રો-કવર, આંતરપાક, મિક્સ પાક પદ્ધતિ, પાકનું મૂલ્યવર્ધન અને નવીનતમ ટેક્નોલોજી અપનાવવા બદલ શાલ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા. ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન ખડસલી ટીમ દ્વારા સમયાંતરે માર્ગદશન અને સહયોગ આપવામાં આવે છે. એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## સાવરકુંડલા : ખેલ મહાકુંભની એથ્લેટીક્સ સ્પર્ધામાં કે.કે હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓની સિદ્ધિ



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા કે.કે હાઈસ્કુલના યજમાન પદે તા. ૬/૧/૨૫ ના રોજ સાવરકુંડલા તાલુકા ખેલ મહાકુંભની એથ્લેટીક્સ સ્પર્ધાનું આયોજન થયેલ. જેમાં દોડ, કૂદ અને ફેંકની સ્પર્ધામાં વિદ્યાર્થીભાઈઓએ જવલંત સિદ્ધિ હાંસલ કરેલ છે.

અંડર-૧૪ ગોળાફેક સ્પર્ધામાં જેઠવા કેશલ પ્રથમ, અંડર-૧૭માં ૧૦૦ અને ૨૦૦ મી. દોડમાં ગોહિલ હેમાંગ પ્રથમ, ૧૦૦મી દોડમાં ચોટલિયા હર્ષિલ દ્વિતીય, ચક્રફેંકમાં ગોંડલિયા પ્રિન્સ પ્રથમ, બરછી ફેંકમાં ધાખડા તરૂણ દ્વિતીય અને ઉંચી કૂદમાં વાઘાણી શંભુ તૃતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આગામી સમયમાં જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે. સર્વે વિદ્યાર્થીઓને માર્ગદર્શન હેતલબેન કાચા અને રીનાબેન નાગરે પૂરૂ પાડયું હતું. પ્રિન્સિપાલ ચેતનકુમાર ગુજરીયા તથા નૂતન કેળવણી મંડળના મેને.ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા અને પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી/કામદારે ખૂબ ખૂબ અભિનંદન સાથે જિલ્લામાં પણ નંબર મેળવે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## અમારા કહ્યામાં નથી

આથી હું નીચે સહી કરનાર કમલેશભાઈ બાલુભાઈ જેઠવા, મુ.ચલાલા, તા.ધારી, જી.અમરેલી જાહેર કરૂ છું કે, અમારા ભાઈ **મહેશભાઈ બાલુભાઈ જેઠવા (ઉ.વ.૪૭)** તે અમારા કહ્યામાં નથી, જેથી તેને અમો અમારી તમામ પ્રકારની સ્થાવર - જંગમ મિલ્કતમાંથી બેદખલ કરીએ છીએ, જેની સર્વેએ નોંધ લેવી.

હવેથી એમની સાથે કોઈપણ વ્યકિત આર્થિક વ્યવહાર



**મહેશભાઈ બાલુભાઈ જેઠવા**

કે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તે અમોને બંધનકર્તા રહેશે નહીં.

તા. ૨૮/૦૧/૨૦૨૫

લી.

**કમલેશભાઈ બાલુભાઈ જેઠવા**

રે. ચલાલા, તા.ધારી, જી. અમરેલી.

### જય વેલનાથ સમૂહ લગ્ન સમિતિ દ્વારા


## અમરેલી ખાતે યોજાયેલ સર્વજ્ઞાતી સમૂહ લગ્નોત્સવમાં ૬ યુગલોએ પ્રભુતામાં પગલા

### ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનાં હિતમાં ઉમદા કાર્ય

અમરેલી, તા. ૨૮

જય વેલનાથ સમૂહ લગ્ન સમિતિ, અમરેલી દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગન સંપન્ન

અમરેલી - તારીખઃ ૨૬મી જાન્યુઆરીના રોજ અમરેલી શહેરના કેરિયા બાયપાસ રોડ ખાતેના બાળ હનુમાન તથા રૂદ્રેશ્વર મહાદેવ મંદિર ખાતે જય વેલનાથ સમૂહ લગ્ન સમિતિ, અમરેલી આયોજિત સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું ઉમંગ, ઉત્સાહ અને ધામધુમપુર્વક સફળ આયોજન કરવામા આવેલ તેમાં છ યુગલોએ પ્રભુતામા પગરવ માંડેલ અને આ તમામ યુગલો ગ્રામ્ય વિસ્તારના શ્રમિક, ગરીબ અને વિકલાંગ પરીવારના સંતાનો હતા અને આ આયોજનની તમામ વ્યવસ્થાથી દરેક પરીવારો, મહેમાનો, યુગલો, દાતાઓ, સાધુસંતો અને રાજસ્વી અગ્રણીઓ પ્રભાવીત થયેલ હતા અને દરેક યુગલ તથા પરીવારને ભેટ સોગાત તથા ઘરવપરાશી



વસ્તુઓ પેટે કુલ - ૧૧૧ વસ્તુઓ ભેટ આપવામા આવેલ તેમ સમિતિના ધીરૂભાઈ



મકવાણા તથા ભનુભાઈ થળેસાની સંયુકત યાદી જણાવે છે.

## ચાંદગઢ પ્રા. શાળામાં ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

અમરેલી, તા. ૨૮

અમરેલી તાલુકાના ચાંદગઢ પ્રાથમિક શાળામાં તા. ૨૬મી જાન્યુઆરી-૨૦૨૫ને રવિવારના રોજ ૭૬માં પ્રજાસત્તાક દિનની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી.


## શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - સાવરકુંડલા

ઠે. મહુવા રોડ, રેલવે ફાટક પાસે, સાવરકુંડલા

**જાહેરાત**

બજાર સમિતિ-સાવરકુંડલાને જનતા ગૃપ અકસ્માત વિમા યોજના અંતર્ગત સાવરકુંડલા તાલુકાનાં અંદાજે ૧,૩૦,૦૦૦ થી વધારે ખાતેદાર ખેડૂતો તથા બ.સ.ના નોંધાયેલ લાયસન્સદારો, નોંધાયેલ મજુરો, બ.સ.નાં કર્મચારીઓ, વ્ય.કમીટીના સભ્યો વિગેરે ઉંમર વર્ષ-૧૦ થી ૭૫ સુધીના નો રૂા.૧,૦૦,૦૦૦ નો એક વર્ષની મુદત માટે જનતા ગૃપ અકસ્માત વિમો લેવાનો થતો હોય, સરકારી વિમા કંપનીઓ પાસેથી પ્રીમીયમનાં ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતી સરકારી કંપનીએ પોતાનાં પ્રીમીયમનાં દર બંધ કવરમાં દિવસ-૭ માં બજાર સમિતિ-સા.કુંડલાની ઓફીસે પહોંચતા કરવા

| | | |
|---|---|---|
| **શ્રી દિપકભાઈ કે. માલાણી** | **શ્રી મહેશભાઈ એમ.લખાણી** | **શ્રી જે.વી. માલાણી** |
| **ચેરમેનશ્રી** | **વાઈસ ચેરમેનશ્રી** | **સેકેટરીશ્રી** |

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - સાવરકુંડલા**


# અમરેલી : સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતનમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી






સ્વામી વિવેકાનંદ વિદ્ય ભારતી ટ્રસ્ટ, રૂપાયતન સંચાલિત તેમની બધી જ સંસ્થાઓ દીપક હાઈસ્કૂલ, પી.એન.વોરા પ્રાથમિક વિદ્યામંદિર એન.ડી.સંઘવી પ્રાથમિક શાળા તથા ડી.કે.કામદાર પ્રાથમિક શાળાના સંયુકત ઉપક્રમે એન.ડી.સંઘવી પ્રાથમિક શાળા, મણીનગરમાં ૭૬માં પ્રજાસત્તાક દિનની દેશભકિતના માહોલ સાથે ભવ્ય ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. અધ્યક્ષ સ્થાનેથી રોટરી કલબ અમરેલી ગીરના પ્રમુખ પ્રતિકભાઈ સંઘરાજકાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રાથમિક શાળાના બાળકોથી લઈ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, એસ.પી.સી. અને આર.સી.સી.ના વિદ્યાર્થીઓ દ્વારા સેરીમોનિયલ પરેડનું મુખ્ય આકર્ષણ રહેલું. જેમનું માર્ગદર્શન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને કેળવણી કાર રવજીભાઈ કાચાએ આપેલ. ત્યાર પછી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સહુએ રાષ્ટ્ર વંદના કરેલ. આ સાથે બાલમંદિરના બાળકોથી લઈ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓએ દોરેલા ચિત્રોની પ્રદર્શનીએ ગોઠવામાં આવી હતી. તમામ વાલીઓએ તેમનો સુંદર લાભ લીધેલ અને પોતાના બાળકોની પ્રતિભાને પ્રોત્સાહિત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સલીમભાઈ કુરેશીએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા મેનેજિંગ ટ્રસ્ટી અને કેળવણીકાર રવજીભાઈ કાચા, આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાય, ભારતીબેન ગોહિલ, મીનાક્ષીબેન ઠાકરે જહેમત ઉઠાવેલ.

